શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત

# નિયમસાર

(ગાથા-શીર્ષક, ગુજરાતી પદ્યાનુવાદ (હરિગીત) તથા અન્વયાર્થ સહિત)



શાસનનાયક શ્રી મહાવીરસ્વામી




વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામી



ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ

વીરનો ધ્વનિ ગુરુ પરંપર જે મળેલો
પોતે વિદેહ જઈ દિવ્યધ્વનિ ઝીલેલો,
તે સંઘર્યો મુનિવરે પરમાગમોમાં,
ઉપકાર કુંદમુનિનો બહુ આ ભૂમિમાં.



પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી



પૂજ્ય બહેનશ્રી ચંપાબેન



ગદ્ય-પદ્યાનુવાદક
પંડિતરત્ન શ્રી હિંમતલાલ જે. શાહ

પ્રકાશક
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ

* ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા, પુષ્પ-૨૨૫ *

ॐ

नमः सर्वज्ञवीतरागाय।

શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત

શ્રી

# નિયમસાર

ગાથા—શિર્ષક, ગુજરાતી પદ્યાનુવાદ (હરિગીત),
તથા ગાથાર્થ

*

-: અનુવાદક :-

**પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ**

બી.એસસી.

-: પ્રકાશક :-

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**

સોનગઢ—૩૬૪ ૨૫૦ (સૌરાષ્ટ્ર)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦

પ્રથમ આવૃત્તિ પ્રત : ૩૦૦૦ વીર સં. ૨૫૩૬

શ્રી સમયસાર હરિગીત-ગાથાર્થ(ગુજરાતી)ના

❁ **સ્થાયી પ્રકાશન-પુરસ્કર્તા** ❁

સ્વ. કંચનબેન વસંતલાલ તલાટી, દાહોદ.

હ. મહેન્દ્રભાઈ, સ્વ. શરદભાઈ, સુભાષભાઈ, સિદ્ધાર્થભાઈ, ભદ્રેશભાઈ (સુપુત્રો) સ્વ. સુલોચનાબેન, નિરંજનાબેન (સુપુત્રીઓ)

આ શાસ્ત્રની પડતર કિંમત રૂા ૧૧=૦૦ થાય છે. અનેક મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની કિંમત રૂા ૧૦=૦૦ થાય છે. તેમાંથી ૫૦% શ્રી પ્રભાવતીબેન મનસુખલાલ શાહ હસ્તે હર્ષિલ રજનીકાંત મહેતા, ઘાટકોપર તરફથી કિંમત ઘટાડવામાં આવતા આ શાસ્ત્રની કિંમત રૂા. ૫=૦૦ રાખવામાં આવી છે.

**કિંમત રૂા. ૫=૦૦**


મુદ્રક :

**કહાન મુદ્રણાલય**

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

PH (02846) 244081

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

# પ્રકાશકીય નિવેદન

દેવાધિદેવ પરમ ભટ્ટારક શાસનનાયક શ્રી તીર્થંકર ભગવાન મહાવીરના ગુરુપરંપરાએ પ્રાપ્ત ઉપદેશથી તથા વિદેહક્ષેત્રના વિદ્યમાન તીર્થંકર શ્રી સીમંધર ભગવાન પાસેથી મળેલ સાક્ષાત્ દિવ્યધ્વનિ શ્રવણથી ભરતક્ષેત્રના સમર્થ આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે આ પરમ અધ્યાત્મ ગ્રંથ શ્રી નિયમસારની રચના કરી છે. આ ગ્રંથ પંચમકાળમાં ઘણા જીવોને મોક્ષમાર્ગનું સ્વરૂપ સમજવામાં અને સાધના કરવામાં ઉપકારી થયો છે. એવા આ ઉત્તમોત્તમ શ્રી નિયમસારનો સાચો મર્મ આ કાળે આપણા પરમતારણહાર પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની અકારણ કરુણાથી જ પ્રાપ્ત થયો છે. તથા તેઓશ્રીના પ્રતાપે જ મુમુક્ષુઓમાં નિયમસાર ગ્રંથનો સ્વાધ્યાય કરવાની અપૂર્વ રુચિ જાગૃત થઈ છે. તથા ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતલાલ જે. શાહ દ્વારા પરમાગમ નિયમસારની ગાથાઓનો ગુજરાતી હરિગીતમાં પદ્યાનુવાદ તેમજ મુનિવર પદ્મપ્રભમલધારીદેવ રચિત તાત્પર્યવૃત્તિ નામની સંસ્કૃત ટીકાનો અક્ષરશઃ અનુવાદ આ પરમાગમના ભાવો મુમુક્ષુ સમાજને સરળતાથી સમજવામાં અત્યંત ઉપકારક થયો છે.

શ્રી નિયમસાર પરમાગમ પ્રત્યે મુમુક્ષુ સમાજમાં પ્રવર્તતી ભાવભીની ભક્તિ તથા તેની લોકપ્રિયતાને ધ્યાનમાં લઈ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા ગાથા-શિર્ષક, નિયમસારનાં હરિગીતો તથા ગાથાર્થ સાથે સંગીતમય ઑડિયો સીડી તૈયાર કરવામાં આવી છે. આ સીડીના શ્રવણ સમયે મુમુક્ષુ સમાજના સ્વાધ્યાય હેતુ 'નિયમસાર'નું આ લઘુ પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું છે. આશા છે કે મુમુક્ષુ સમાજ આના સ્વાધ્યાયથી નિજાત્મકલ્યાણ સાધી લાભાન્વિત થશે.

આ પુસ્તકનું સુંદર મુદ્રણ કરી આપવા બદલ અમો શ્રી કહાન મુદ્રણાલય, સોનગઢના અત્યંત આભારી છીએ.

પૂજ્ય બહેનશ્રીની ૭૮મી
સમ્યક્ત્વ-જયંતી
(ફાગણ વદ-૧૦)
તા. ૧૦-૩-૨૦૧૦

લિ.
સાહિત્યપ્રકાશનસમિતિ
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ (સૌરાષ્ટ્ર)

# શ્રી નિયમસાર પરિચય

આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં આ ભરતક્ષેત્રની પુણ્યભૂમિમાં જગત્પૂજ્ય પરમ ભટ્ટારક સર્વજ્ઞ ભગવાન શ્રી મહાવીરસ્વામી મોક્ષમાર્ગનો પ્રકાશ પોતાના સાતિશય દિવ્યધ્વનિ દ્વારા કરતા હતા. તેમના શાસનમાં અનેક કેવલીઓ તથા અંગજ્ઞાનના ધારક શ્રુતકેવલીઓ થયા જેમાં છેલ્લા શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુસ્વામી થયા. તેમની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થયા. દિગંબર જૈનપરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. ભગવાન કુંદકુદાચાર્યદેવનાં શાસ્ત્રો સાક્ષાત્ ગણધરદેવના વચનો જેટલાં જ પ્રમાણભૂત મનાય છે. તદુપરાંત તેઓશ્રીએ વિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકર સીમંધરસ્વામીના સમવસરણમાં સદેહે જઈ તેમનો ઉપદેશ પ્રત્યક્ષ ઝીલી તેમની પાસેથી મળેલા જ્ઞાનથી મહાન ગ્રંથોની રચના કરી ભારતવર્ષના ભવ્યજીવોને પ્રતિબોધ કરી ભગવાન મહાવીરના સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મ-શાસનને જીવંત રાખ્યું છે.

ભગવાન કુંદકુંદાચાર્યદેવે અનેક શાસ્ત્રોની રચના કરી હતી, તેમનાં સમયસાર, પ્રવચનસાર તથા પંચાસ્તિકાયસંગ્રહ નામનાં ઉત્તમોત્તમ શાસ્ત્રો પ્રાભૃતત્રય કહેવાય છે. શ્રી નિયમસાર ભરતક્ષેત્રના ઉત્તમોત્તમ શાસ્ત્રોમાંનું એક હોવા છતાં પ્રાભૃતત્રયની સરખામણીમાં તેની પ્રસિદ્ધિ ઘણી ઓછી છે. આ નિયમસાર પરમાગમ મુખ્યત્વે મોક્ષમાર્ગના નિરુપચાર નિરૂપણનો અનુપમ ગ્રંથ છે. 'નિયમ' એટલે જે અવશ્ય કરવા યોગ્ય હોય તે અર્થાત્ રત્નત્રય. 'નિયમસાર' એટલે નિયમનો સાર અર્થાત્ શુદ્ધ રત્નત્રય. આ શુદ્ધ રત્નત્રયની પ્રાપ્તિ પરમાત્મતત્ત્વનો આશ્રય કરવાથી જ થાય છે. શાસ્ત્રકાર આચાર્યભગવાને અને ટીકાકાર મુનિવરે આ પરમાગમના પાને પાને જે અનુભવસિદ્ધ પરમ સત્ય પોકાર્યું છે તેનો સાર આ પ્રમાણે છે : હે જગતના જીવો! તમારા સુખનો એકમાત્ર ઉપાય પરમાત્મતત્ત્વનો આશ્રય છે. સમ્યગ્દર્શનથી માંડીને સિદ્ધિ સુધીની સર્વ ભૂમિકાઓ તેમાં સમાય છે.

આ રીતે પરમાત્મતત્ત્વનો આશ્રય જ સમ્યગ્દર્શન છે, તે જ સમ્યગ્જ્ઞાન છે, તે જ સમ્યક્ ચારિત્ર છે; તે જ સત્યાર્થ પ્રતિક્રમણ, પ્રત્યાખ્યાન, આલોચના, પ્રાયશ્ચિત, સામાયિક, ભક્તિ, આવશ્યક, સમિતિ, ગુપ્તિ, સંયમ, તપ, સંવર, નિર્જરા, ધર્મ-શુક્લધ્યાન વગેરે બધુંય છે. એવો એક પણ મોક્ષના કારણરૂપ ભાવ નથી જે પરમાત્મતત્ત્વના આશ્રયથી અન્ય હોય. પરમાત્મતત્ત્વના આશ્રયથી અન્ય એવા ભાવોને—વ્યવહારપ્રતિક્રમણ, વ્યવહારપ્રત્યાખ્યાન વગેરે શુભ વિકલ્પરૂપ ભાવોને—મોક્ષમાર્ગ કહેવામાં આવે છે તે તો કેવળ ઉપચારથી કહેવામાં આવે છે. પરમાત્મતત્ત્વના મધ્યમ કોટિના અપરિપક્વ આશ્રય વખતે તે અપરિપક્વતાને લીધે સાથે સાથે જે અશુદ્ધિરૂપ અંશ વિદ્યમાન હોય છે તે અશુદ્ધિરૂપ અંશ જ વ્યવહારપ્રતિક્રમણાદિ અનેક અનેક શુભ વિકલ્પાત્મક ભાવોરૂપે દેખાવ દે છે. તે અશુદ્ધિ-અંશ ખરેખર મોક્ષમાર્ગ કેમ હોઈ શકે? તે તો ખરેખર મોક્ષમાર્ગથી વિરુદ્ધ ભાવ જ છે, બંધ ભાવ જ છે—એમ તમે સમજો.

આ પરમ પવિત્ર શાસ્ત્રને વિષે મુખ્યત્વે પરમાત્મતત્ત્વ અને તેના આશ્રયથી પ્રગટતા પર્યાયોનું વર્ણન હોવા છતાં, સાથે સાથે દ્રવ્યગુણપર્યાય, છ દ્રવ્યો, પાંચ ભાવો, વ્યવહાર-નિશ્ચયનયો, વ્યવહારચારિત્ર, સમ્યગ્દર્શન-પ્રાપ્તિમાં પ્રથમ તો અન્ય સમ્યગ્દ્રષ્ટિ જીવની દેશના જ નિમિત્ત હોય (–મિથ્યાદ્રષ્ટિ જીવની દેશના નહિ) એવો અબાધિત નિયમ, પંચ પરમેષ્ઠીનું સ્વરૂપ, કેવળજ્ઞાન-કેવળદર્શન, કેવળીનું ઈચ્છારહિતપણું વગેરે અનેક વિષયોનું સંક્ષિપ્ત નિરૂપણ પણ કરવામાં આવ્યું છે. આ રીતે ઉપરોક્ત પ્રયોજનભૂત વિષયોને પ્રકાશતું આ શાસ્ત્ર વસ્તુસ્વરૂપનો યથાર્થ નિર્ણય કરી પરમાત્મતત્ત્વની પ્રાપ્તિ કરવા ઈચ્છનાર જીવને મહા ઉપકારી છે. અંતઃતત્ત્વરૂપ અમૃતસાગર પર મીટ માંડી જ્ઞાનાનંદના તરંગો ઉછાળતા મહા મસ્ત મુનિવરોના અંતરવેદનમાંથી નીકળેલા ભાવોથી ભરેલું આ પરમાગમ નંદનવન સમાન આહ્લાદકારી છે.

વિક્રમની ૨૦-૨૧મી સદીમાં થયેલા આત્મજ્ઞ સંત, અધ્યાત્મયુગસ્રષ્ટા, પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીએ આ

મહાન ગ્રંથ ઉપર જાહેરસભામાં નિજાત્મકલ્યાણકારી પ્રવચનો કરી સમગ્ર ભારતવર્ષના મુમુક્ષુજીવો પર પરમ ઉપકાર કર્યો છે. તેઓશ્રીના પ્રતાપે જ આ નિયમસાર પરમાગમનો સાચો મર્મ મુમુક્ષુઓને આ કાળે પ્રાપ્ત થયો છે.

તેમના શાસનમાં તેમના સદુપદેશથી સ્વાનુભૂતિ પ્રાપ્ત કરનાર પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના વડીલબંધુ, ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીની ભાવનાનુસાર તથા પૂજ્ય બહેનશ્રીની કૃપાભીની અનુમોદનાથી આ નિયમસાર ગ્રંથની મૂળ પ્રાકૃત ગાથાઓનો ભાવવાહી ગુર્જર ભાષામાં પદ્યાનુવાદ તથા તેની શ્રી પદ્મપ્રભમલધારિદેવ રચિત ''તાત્પર્યવૃત્તિ'' નામક સંસ્કૃત ટીકાનો શબ્દશઃ ગુજરાતી અનુવાદ કરવામાં આવ્યો છે જે સમગ્ર ભારતના તથા દેશ-વિદેશના મુમુક્ષુઓને અત્યંત ઉપકારક અને પ્રિય લાગ્યો છે.

શ્રી નિયમસારનો આ પદ્યાનુવાદ તથા તે સાથે પદ્યનો ગદ્યાનુવાદ મુમુક્ષુઓને નિજાત્મકલ્યાણમાં ઉપકારી થાય તે હેતુથી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ સોનગઢ દ્વારા સંગીતમય રજુ કરવામાં આવ્યો છે. આશા છે કે મુમુક્ષુ સમાજ તેનાથી લાભાન્વિત થશે.

સાહિત્યપ્રકાશનસમિતિ
શ્રી દિ. જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–364250 (સૌરાષ્ટ્ર)



ॐ

# પરમાગમ શ્રી નિયમસાર

(મૂળ ગાથાઓના મથાળા અને ગુજરાતી પદ્યાનુવાદ અર્થ સાથે)

## - ૧ -
## જીવ અધિકાર

હવે (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવવિરચિત) ગાથાસૂત્રનું અવતરણ કરવામાં આવે છે :

અહીં 'જીવં ણત્વા ' એ ગાથાથી શાસ્ત્રના આદિમાં અસાધારણ મંગળ કહ્યું છે.

નમીને અનંતોત્કૃષ્ટ દર્શનજ્ઞાનમય જિન વીરને
કહું નિયમસાર હું કેવળીશ્રુતકેવળીપરિકથિતને. ૧.

**અન્વયાર્થ** :—અનંત અને ઉત્કૃષ્ટ જ્ઞાનદર્શન જેમનો સ્વભાવ છે એવા (–કેવળજ્ઞાની અને કેવળદર્શની) જિન વીરને નમીને કેવળી અને શ્રુતકેવળીઓએ કહેલું નિયમસાર હું કહીશ. ॥૧॥

આ, મોક્ષમાર્ગ અને તેના ફળના સ્વરૂપનિરૂપણની સૂચના (–તે બંનેના સ્વરૂપના નિરૂપણની પ્રસ્તાવના) છે.

છે માર્ગનું ને માર્ગફળનું કથન જિનવરશાસને;
ત્યાં માર્ગ મોક્ષોપાય છે ને માર્ગફળ નિર્વાણ છે. ૨.

**અન્વયાર્થ** :—માર્ગ અને માર્ગફળ એમ બે પ્રકારનું જિનશાસનમાં કથન કરવામાં આવ્યું છે; માર્ગ મોક્ષોપાય છે અને તેનું ફળ નિર્વાણ છે. ॥૨॥

અહીં આ (ગાથામાં), 'નિયમ' શબ્દને 'સાર' શબ્દ કેમ લગાડ્યો છે તેના પ્રતિપાદન દ્વારા સ્વભાવરત્નત્રયનું સ્વરૂપ કહ્યું છે.

જે નિયમથી કર્તવ્ય એવાં રત્નત્રય તે નિયમ છે;
વિપરીતના પરિહાર અર્થે 'સાર' પદ યોજેલ છે. ૩.

**અન્વયાર્થ :—**નિયમ એટલે નિયમથી (નક્કી) જે કરવાયોગ્ય હોય તે અર્થાત્ જ્ઞાનદર્શનચારિત્ર. વિપરીતના પરિહાર અર્થે (—જ્ઞાનદર્શનચારિત્રથી વિરુદ્ધ ભાવોના ત્યાગ માટે) ખરેખર 'સાર' એવું વચન કહ્યું છે. ।।૩।।

રત્નત્રયના ભેદો પાડવા વિષે અને તેમનાં લક્ષણ વિષે આ કથન છે.

છે નિયમ મોક્ષોપાય, તેનું ફળ પરમ નિર્વાણ છે;
વળી આ ત્રણેનું ભેદપૂર્વક ભિન્ન નિરૂપણ હોય છે. ૪.

**અન્વયાર્થ :—**(રત્નત્રયરૂપ) નિયમ મોક્ષનો ઉપાય છે; તેનું ફળ પરમ નિર્વાણ છે. વળી (ભેદકથન દ્વારા અભેદ સમજાવવા અર્થે) આ ત્રણનું ભેદ પાડીને જુદું જુદું નિરૂપણ હોય છે. ।।૪।।

આ, વ્યવહારસમ્યક્ત્વના સ્વરૂપનું કથન છે.

રે! આપ્ત-આગમ-તત્ત્વની શ્રદ્ધાથી સમકિત હોય છે;
નિઃશેષદોષવિહીન જે ગુણસકળમય તે આપ્ત છે. ૫.

**અન્વયાર્થ :—**આપ્ત, આગમ અને તત્ત્વોની શ્રદ્ધાથી સમ્યક્ત્વ હોય છે; જેના અશેષ (સમસ્ત) દોષો દૂર થયા છે એવો જે સકળગુણમય પુરુષ તે આપ્ત છે. ।।૫।।

આ, અઢાર દોષના સ્વરૂપનું કથન છે.

ભય, રોષ, રાગ, ક્ષુધા, તૃષા, મદ, મોહ, ચિંતા, જન્મ ને
રતિ, રોગ, નિદ્રા, સ્વેદ, ખેદ, જરાદિ દોષ અઢાર છે. ૬.

**અન્વયાર્થ :—**ક્ષુધા, તૃષા, ભય, રોષ (ક્રોધ), રાગ, મોહ, ચિંતા, જરા, રોગ, મૃત્યુ, સ્વેદ (પરસેવો), ખેદ, મદ, રતિ, વિસ્મય, નિદ્રા, જન્મ અને ઉદ્વેગ (—આ અઢાર દોષ છે). ।।૬।।

આ, તીર્થંકર પરમદેવના સ્વરૂપનું કથન છે.

સૌ દોષ રહિત, અનંતજ્ઞાનદ્રગાદિ વૈભવયુક્ત જે,
પરમાત્મ તે કહેવાય, તદ્વિપરીત નહિ પરમાત્મ છે. ૭.

**અન્વયાર્થ :—**(એવા) નિઃશેષ દોષથી જે રહિત છે અને કેવળજ્ઞાનાદિ પરમ વૈભવથી જે સંયુક્ત છે, તે પરમાત્મા કહેવાય છે; તેનાથી વિપરીત તે પરમાત્મા નથી. ।।૭।।

આ, પરમાગમના સ્વરૂપનું કથન છે.

પરમાત્મવાણી શુદ્ધ ને પૂર્વાપરે નિર્દોષ જે,
તે વાણીને આગમ કહી; તેણે કહ્યા તત્ત્વાર્થને. ૮.

**અન્વયાર્થ :—**તેમના મુખમાંથી નીકળેલી વાણી કે જે પૂર્વાપર દોષ રહિત (–આગળપાછળ વિરોધ રહિત) અને શુદ્ધ છે, તેને આગમ કહેલ છે; અને તેણે તત્ત્વાર્થો કહ્યા છે. ।।૮।।

અહીં (આ ગાથામાં), છ દ્રવ્યોનાં પૃથક્ પૃથક્ નામ કહેવામાં આવ્યાં છે.

જીવદ્રવ્ય, પુદ્ગલ, કાળ તેમ જ આભ, ધર્મ, અધર્મ—એ
ભાખ્યા જિને તત્ત્વાર્થ, ગુણપર્યાય વિધવિધ યુક્ત જે. ૯.

**અન્વયાર્થ :—**જીવો, પુદ્ગલકાયો, ધર્મ, અધર્મ, કાળ, અને આકાશ—એ તત્ત્વાર્થો કહ્યા છે, કે જેઓ વિવિધ ગુણપર્યાયોથી સંયુક્ત છે. ।।૯।।

અહીં (આ ગાથામાં) ઉપયોગનું લક્ષણ કહ્યું છે.

ઉપયોગમય છે જીવ ને ઉપયોગ દર્શન-જ્ઞાન છે;
જ્ઞાનોપયોગ સ્વભાવ તેમ વિભાવરૂપ દ્વિવિધ છે. ૧૦.

**અન્વયાર્થ :—**જીવ ઉપયોગમય છે. ઉપયોગ જ્ઞાન અને દર્શન છે. જ્ઞાનોપયોગ બે પ્રકારનો છે : સ્વભાવજ્ઞાન અને વિભાવજ્ઞાન. ॥૧૦॥

અહીં (આ ગાથાઓમાં) જ્ઞાનના ભેદ કહ્યા છે.

અસહાય, ઈન્દ્રિવિહીન, કેવળ, તે સ્વભાવિક જ્ઞાન છે;
સુજ્ઞાન ને અજ્ઞાન—એમ વિભાવજ્ઞાન દ્વિવિધ છે. ૧૧.
મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય—ભેદ છે સુજ્ઞાનના;
કુમતિ, કુઅવધિ, કુશ્રુત—એ ત્રણ ભેદ છે અજ્ઞાનના. ૧૨.

**અન્વયાર્થ :—**જે (જ્ઞાન) કેવળ, ઈન્દ્રિયરહિત અને અસહાય છે, તે સ્વભાવજ્ઞાન છે; સમ્યગ્જ્ઞાન અને મિથ્યાજ્ઞાનરૂપ ભેદ પાડવામાં આવતાં, વિભાવજ્ઞાન બે પ્રકારનું છે. ॥૧૧॥

સમ્યગ્જ્ઞાન ચાર ભેદવાળું છે : મતિ, શ્રુત, અવધિ તથા મનઃપર્યય; અને અજ્ઞાન (–મિથ્યાજ્ઞાન) મતિ આદિના ભેદથી ત્રણ ભેદવાળું છે.

આ, દર્શનોપયોગના સ્વરૂપનું કથન છે.

ઉપયોગ દર્શનનો સ્વભાવ-વિભાવરૂપ દ્વિવિધ છે;
અસહાય, ઈન્દ્રિવિહીન, કેવળ, તે સ્વભાવ કહેલ છે. ૧૩.

**અન્વયાર્થ :—**તેવી રીતે દર્શનોપયોગ સ્વભાવ અને વિભાવના ભેદથી બે પ્રકારનો છે. જે કેવળ, ઈન્દ્રિયરહિત અને અસહાય છે, તે સ્વભાવ-દર્શનોપયોગ કહ્યો છે. ॥૧૩॥

આ, અશુદ્ધ દર્શનની તથા શુદ્ધ ને અશુદ્ધ પર્યાયની સૂચના છે.

ચક્ષુ, અચક્ષુ, અવધિ—ત્રણ દર્શન વિભાવિક છે કહ્યાં;
નિરપેક્ષ, સ્વપરાપેક્ષ—એ બે ભેદ છે પર્યાયના. ૧૪.

**અન્વયાર્થ :**—ચક્ષુ, અચક્ષુ અને અવધિ એ ત્રણે વિભાવદર્શન કહેવામાં આવ્યાં છે. પર્યાય દ્વિવિધ છેઃ સ્વપરાપેક્ષ (સ્વ ને પરની અપેક્ષા યુક્ત) અને નિરપેક્ષ. ।।૧૪।।

આ, સ્વભાવપર્યાયો અને વિભાવપર્યાયોનું સંક્ષેપકથન છે.

તિર્યંચ-નારક-દેવ-નર પર્યાય વૈભાવિક કહ્યા;
પર્યાય કર્મોપાધિવર્જિત તે સ્વભાવિક ભાખિયા. ૧૫.

**અન્વયાર્થ :**—મનુષ્ય, નારક, તિર્યંચ ને દેવરૂપ પર્યાયો તે વિભાવપર્યાયો કહેવામાં આવ્યા છે; કર્મોપાધિ રહિત પર્યાયો તે સ્વભાવપર્યાયો કહેવામાં આવ્યા છે. ।।૧૫।।

આ, ચાર ગતિના સ્વરૂપનિરૂપણરૂપ કથન છે.

છે કર્મભૂમિજ ભોગભૂમિજ—ભેદ બે મનુજો તણા,
ને પૃથ્વીભેદે સપ્ત ભેદો જાણવા નારક તણા. ૧૬.

તિર્યંચના છે ચૌદ ભેદો, ચાર ભેદો દેવના;
આ સર્વનો વિસ્તાર છે નિર્દિષ્ટ લોકવિભાગમાં. ૧૭.

**અન્વયાર્થ :**—મનુષ્યોના બે ભેદ છે : કર્મભૂમિમાં જન્મેલા અને ભોગભૂમિમાં જન્મેલા; પૃથ્વીના ભેદથી નારકો સાત પ્રકારના જાણવા; તિર્યંચોના ચૌદ ભેદ કહ્યા છે; દેવસમૂહોના ચાર ભેદ છે. આમનો વિસ્તાર લોકવિભાગમાંથી જાણી લેવો. ।।૧૬-૧૭।।

આ, કર્તૃત્વ-ભોક્તૃત્વના પ્રકારનું કથન છે.

આત્મા કરે, વળી ભોગવે પુદ્‌ગલકરમ વ્યવહારથી;
ને કર્મજનિત વિભાવનો કર્તાદિ છે નિશ્ચય થકી. ૧૮.

**અન્વયાર્થ :—**આત્મા પુદ્‌ગલકર્મનો કર્તા-ભોક્તા વ્યવહારથી છે અને આત્મા કર્મજનિત ભાવનો કર્તા-ભોક્તા (અશુદ્ધ) નિશ્ચયથી છે. ।।૧૮।।

અહીં બન્ને નયોનું સફળપણું કહ્યું છે.

પૂર્વોક્ત પર્યાયોથી છે વ્યતિરિક્ત જીવ દ્રવ્યાર્થિકે;
ને ઉક્ત પર્યાયોથી છે સંયુક્ત પર્યાયાર્થિકે. ૧૯.

**અન્વયાર્થ :—**દ્રવ્યાર્થિક નયે જીવો પૂર્વકથિત પર્યાયથી વ્યતિરિક્ત છે; પર્યાયનયે જીવો તે પર્યાયથી સંયુક્ત છે. આ રીતે જીવો બન્ને નયોથી સંયુક્ત છે. ।।૧૯।।

આ રીતે, શ્રીમદ્‌ભગવત્‌કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમનો જીવ અધિકાર નામનો પહેલો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

## - ૨ -

# અજીવ અધિકાર

હવે અજીવ અધિકાર કહેવામાં આવે છે.

આ, પુદ્‌ગલદ્રવ્યના ભેદોનું કથન છે.

પરમાણુ તેમ જ સ્કંધ એ બે ભેદ પુદ્‌ગલદ્રવ્યના;
છ વિકલ્પ છે સ્કંધો તણા ને ભેદ બે પરમાણુના. ૨૦.

**અન્વયાર્થ** :—પરમાણુ અને સ્કંધ એવા બે ભેદથી પુદ્‌ગલદ્રવ્ય બે ભેદવાળું છે; સ્કંધો ખરેખર છ પ્રકારના છે અને પરમાણુના બે ભેદ છે. ।।૨૦।।

આ, વિભાવપુદ્‌ગલના સ્વરૂપનું કથન છે.

અતિથૂલથૂલ, થૂલ, થૂલસૂક્ષ્મ, સૂક્ષ્મથૂલ, વળી સૂક્ષ્મ ને
અતિસૂક્ષ્મ—એમ ધરાદિ પુદ્‌ગલસ્કંધના છ વિકલ્પ છે. ૨૧.

ભૂપર્વતાદિક સ્કંધને અતિથૂલથૂલ જિને કહ્યા,
ઘી-તેલ-જળ ઈત્યાદિને વળી થૂલ સ્કંધો જાણવા; ૨૨.

આતપ અને છાયાદિને થૂલસૂક્ષ્મ સ્કંધો જાણજે,
ચતુરિંદ્રિયના જે વિષય તેને સૂક્ષ્મથૂલ કહ્યા જિને; ૨૩.

વળી કર્મવર્ગણયોગ્ય સ્કંધો સૂક્ષ્મ સ્કંધો જાણવા,
તેનાથી વિપરીત સ્કંધને અતિસૂક્ષ્મ સ્કંધો વર્ણવ્યા. ૨૪.

**અન્વયાર્થ** :—અતિસ્થૂલસ્થૂલ, સ્થૂલ, સ્થૂલસૂક્ષ્મ, સૂક્ષ્મસ્થૂલ, સૂક્ષ્મ અને અતિસૂક્ષ્મ એમ પૃથ્વી વગેરે સ્કંધોના છ ભેદ છે. ।।૨૧।।

ભૂમિ, પર્વત વગેરે અતિસ્થૂલસ્થૂલ સ્કંધો કહેવામાં આવ્યા છે; ઘી, જળ, તેલ વગેરે સ્થૂલ સ્કંધો જાણવા. ।।૨૨।।

છાયા, આતપ વગેરે સ્થૂલસૂક્ષ્મ સ્કંધો જાણ અને ચાર ઇન્દ્રિયોના વિષયભૂત સ્કંધોને સૂક્ષ્મસ્થૂલ કહેવામાં આવ્યા છે. ।।૨૩।।

વળી કર્મવર્ગણાને યોગ્ય સ્કંધો સૂક્ષ્મ છે; તેમનાથી વિપરીત (અર્થાત્ કર્મવર્ગણાને અયોગ્ય) સ્કંધો અતિસૂક્ષ્મ કહેવામાં આવે છે. ।।૨૪।।

આ, કારણપરમાણુદ્રવ્ય અને કાર્યપરમાણુદ્રવ્યના સ્વરૂપનું કથન છે.

જે હેતુ ધાતુચતુષ્કનો તે કારણાણુ જાણવો;
સ્કંધો તણા અવસાનને વળી કાર્યપરમાણુ કહ્યો. ૨૫.

**અન્વયાર્થ** :—વળી જે (પૃથ્વી, પાણી, તેજ ને વાયુ—એ) ચાર ધાતુઓનો હેતુ છે, તે કારણપરમાણુ જાણવો; સ્કંધોના અવસાનને (–છૂટા પડેલા અવિભાગી અંતિમ અંશને) કાર્યપરમાણુ જાણવો. ।।૨૫।।

આ, પરમાણુનું વિશેષ કથન છે.

જે આદિ-મધ્યે અંતમાં પોતે જ છે, અવિભાગી છે,
જે ઇન્દ્રિથી નહિ ગ્રાહ્ય છે, પરમાણુ જાણો તેહને. ૨૬.

**અન્વયાર્થ** :—પોતે જ જેનો આદિ છે, પોતે જ જેનું મધ્ય છે અને પોતે જ જેનો અંત છે (અર્થાત્ જેના આદિમાં, મધ્યમાં અને અંતમાં પરમાણુનું નિજ સ્વરૂપ જ છે), જે ઇન્દ્રિયોથી ગ્રાહ્ય (જણાવાયોગ્ય) નથી અને જે અવિભાગી છે, તે પરમાણુદ્રવ્ય જાણ. ।।૨૬।।

આ, સ્વભાવપુદ્ગલના સ્વરૂપનું કથન છે.

બે સ્પર્શ, રસ–રૂપ–ગંધ એક, સ્વભાવગુણમય તેહ છે;
જિનસમયમાંહી વિભાવગુણ સર્વાક્ષપ્રગટ કહેલ છે. ૨૭.

**અન્વયાર્થ :—**જે એક રસવાળું, એક વર્ણવાળું, એક ગંધવાળું અને બે સ્પર્શવાળું હોય, તે સ્વભાવગુણવાળું છે; વિભાવગુણવાળાને [1]જિનસમયમાં સર્વપ્રગટ (સર્વ ઇન્દ્રિયોથી ગ્રાહ્ય) કહેલ છે. ।।૨૭।।

આ, પુદ્‌ગલપર્યાયના સ્વરૂપનું કથન છે.

પરિણામ પરનિરપેક્ષ તેહ સ્વભાવપર્યય જાણવો;
પરિણામ સ્કંધસ્વરૂપ તેહ વિભાવપર્યય જાણવો. ૨૮.

**અન્વયાર્થ :—**અન્યનિરપેક્ષ (અન્યની અપેક્ષા વિનાનો) જે પરિણામ તે સ્વભાવપર્યાય છે અને સ્કંધરૂપે પરિણામ તે વિભાવપર્યાય છે. ।।૨૮।।

આ, પુદ્‌ગલદ્રવ્યના કથનનો ઉપસંહાર છે.

પરમાણુને 'પુદ્‌ગલદરવ' વ્યપદેશ છે નિશ્ચય થકી;
ને સ્કંધને 'પુદ્‌ગલદરવ' વ્યપદેશ છે વ્યવહારથી. ૨૯.

**અન્વયાર્થ :—**નિશ્ચયથી પરમાણુને 'પુદ્‌ગલદ્રવ્ય' કહેવાય છે અને વ્યવહારથી સ્કંધને 'પુદ્‌ગલદ્રવ્ય' એવું નામ હોય છે. ।।૨૯।।

આ, ધર્મ-અધર્મ-આકાશનું સંક્ષિપ્ત કથન છે.

જીવ-પુદ્‌ગલોને ગમન-સ્થાનનિમિત્ત ધર્મ-અધર્મ છે;
જીવાદિ સર્વ પદાર્થને અવગાહહેતુ આભ છે. ૩૦.

**અન્વયાર્થ :—**ધર્મ જીવ-પુદ્‌ગલોને ગમનનું નિમિત્ત છે અને અધર્મ (તેમને) સ્થિતિનું નિમિત્ત છે; આકાશ જીવાદિ સર્વ દ્રવ્યોને અવગાહનનું નિમિત્ત છે. ।।૩૦।।

આ, વ્યવહારકાળના સ્વરૂપનું અને તેના વિવિધ ભેદોનું કથન છે.

આવલિ–સમયના ભેદથી બે ભેદ વા ત્રણ ભેદ છે;
સંસ્થાનથી સંખ્યાતગુણ આવલિપ્રમાણ અતીત છે. ૩૧.

**અન્વયાર્થ :—**સમય અને આવલિના ભેદથી વ્યવહારકાળના બે ભેદ છે અથવા (ભૂત, વર્તમાન અને ભવિષ્યના ભેદથી) ત્રણ ભેદ છે. અતીત કાળ (અતીત) સંસ્થાનોના અને સંખ્યાત આવલિના ગુણાકાર જેટલો છે. ॥૩૧॥

આ, મુખ્ય કાળના સ્વરૂપનું કથન છે.

જીવોથી ને પુદ્‌ગલથી પણ સમયો અનંતગુણા કહ્યા;
તે કાળ છે પરમાર્થ, જે છે સ્થિત લોકાકાશમાં. ૩૨.

**અન્વયાર્થ :—**હવે, જીવથી તેમ જ પુદ્‌ગલથી પણ અનંતગુણા સમયો છે; અને જે (કાલાણુઓ) લોકાકાશમાં છે, તે પરમાર્થ કાળ છે.।૩૨।

આ, કાળાદિ શુદ્ધ અમૂર્ત અચેતન દ્રવ્યોના સ્વભાવગુણપર્યાયોનું કથન છે.

જીવપુદ્‌ગલાદિ પદાર્થને પરિણમનકારણ કાળ છે;
ધર્માદિ ચાર સ્વભાવગુણપર્યાયવંત પદાર્થ છે. ૩૩.

**અન્વયાર્થ :—**જીવાદિ દ્રવ્યોને પરિવર્તનનું કારણ (–વર્તનાનું નિમિત્ત) કાળ છે. ધર્માદિ ચાર દ્રવ્યોને સ્વભાવગુણપર્યાયો હોય છે. ॥૩૩॥

આ ગાથામાં કાળદ્રવ્ય સિવાય પૂર્વોક્ત દ્રવ્યો જ પંચાસ્તિકાય છે એમ કહ્યું છે.

જિનસમયમાંહી કાળ છોડી શેષ પાંચ પદાર્થ જે
તે અસ્તિકાય કહ્યા; અનેકપ્રદેશયુત તે કાય છે. ૩૪.

**અન્વયાર્થ :—**કાળ છોડીને આ છ દ્રવ્યોને (અર્થાત્ બાકીનાં

પાંચ દ્રવ્યોને) જિનસમયમાં (જિનદર્શનમાં) 'અસ્તિકાય' કહેવામાં આવ્યાં છે. બહુપ્રદેશીપણું તે કાયત્વ છે. ।।૩૪।।

આમાં છ દ્રવ્યોના પ્રદેશનું લક્ષણ અને તેના સંભવનો પ્રકાર કહેલ છે. (અર્થાત્ આ ગાથામાં પ્રદેશનું લક્ષણ તેમ જ છ દ્રવ્યોને કેટલા કેટલા પ્રદેશ હોય છે તે કહ્યું છે).

અણસંખ્ય, સંખ્ય, અનંત હોય પ્રદેશ મૂર્તિક દ્રવ્યને,
અણસંખ્ય જાણ પ્રદેશ ધર્મ, અધર્મ તેમ જ જીવને; ૩૫.

અણસંખ્ય લોકાકાશમાંહી, અનંત જાણ અલોકને,
છે કાળ એકપ્રદેશી, તેથી ન કાળને કાયત્વ છે. ૩૬.

**અન્વયાર્થ :—**મૂર્ત દ્રવ્યને સંખ્યાત, અસંખ્યાત અને અનંત પ્રદેશો હોય છે; ધર્મ, અધર્મ તેમ જ જીવને ખરેખર અસંખ્યાત પ્રદેશો છે. ।।૩૫।।

લોકાકાશને વિષે ધર્મ, અધર્મ તેમ જ જીવની માફક (અસંખ્યાત પ્રદેશો) છે; બાકીનું જે અલોકાકાશ તેને અનંત પ્રદેશો છે. કાળને કાયપણું નથી, કારણ કે તે એકપ્રદેશી છે. ।।૩૬।।

આ, અજીવદ્રવ્ય સંબંધી કથનનો ઉપસંહાર છે.

છે મૂર્ત પુદ્ગલદ્રવ્ય, શેષ પદાર્થ મૂર્તિવિહીન છે;
ચૈતન્યયુત છે જીવ ને ચૈતન્યવર્જિત શેષ છે. ૩૭.

**અન્વયાર્થ :—**પુદ્ગલદ્રવ્ય મૂર્ત છે, બાકીનાં દ્રવ્યો મૂર્તત્વ રહિત છે; જીવ ચૈતન્યભાવવાળો છે, બાકીનાં દ્રવ્યો ચૈતન્યગુણ રહિત છે.।।૩૭।।

આ રીતે, શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમનો **અજીવ અધિકાર** નામનો બીજો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

# - ૩ -

# શુદ્ધભાવ અધિકાર

હવે શુદ્ધભાવ અધિકાર કહેવામાં આવે છે.

આ, હેય અને ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે.

છે બાહ્યતત્ત્વ જીવાદિ સર્વે હેય, આત્મા ગ્રાહ્ય છે,
—જે કર્મથી ઉત્પન્ન ગુણપર્યાયથી વ્યતિરિક્ત છે. ૩૮.

**અન્વયાર્થ :—**જીવાદિ બાહ્યતત્ત્વ હેય છે; કર્મોપાધિજનિત ગુણપર્યાયોથી વ્યતિરિક્ત આત્મા આત્માને ઉપાદેય છે. ॥૩૮॥

આ, નિર્વિકલ્પ તત્ત્વના સ્વરૂપનું કથન છે.

જીવને ન સ્થાન સ્વભાવનાં, માનાપમાન તણાં નહીં,
જીવને ન સ્થાનો હર્ષનાં, સ્થાનો અહર્ષ તણાં નહીં. ૩૯.

**અન્વયાર્થ :—**જીવને ખરેખર સ્વભાવસ્થાનો (–વિભાવ-સ્વભાવનાં સ્થાનો) નથી, માનાપમાનભાવનાં સ્થાનો નથી, હર્ષભાવનાં સ્થાનો નથી કે અહર્ષનાં સ્થાનો નથી. ॥૩૯॥

અહીં (આ ગાથામાં) પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધનાં સ્થાનોનો તથા ઉદયનાં સ્થાનોનો સમૂહ જીવને નથી એમ કહ્યું છે.

સ્થિતિબંધસ્થાનો, પ્રકૃતિસ્થાન, પ્રદેશનાં સ્થાનો નહીં,
અનુભાગનાં નહિ સ્થાન જીવને, ઉદયનાં સ્થાનો નહીં. ૪૦.

**અન્વયાર્થ :—**જીવને સ્થિતિબંધસ્થાનો નથી, પ્રકૃતિસ્થાનો નથી, પ્રદેશસ્થાનો નથી, અનુભાગસ્થાનો નથી કે ઉદયસ્થાનો નથી. ॥૪૦॥

ચાર વિભાવસ્વભાવોના સ્વરૂપકથન દ્વારા પંચમભાવના સ્વરૂપનું આ કથન છે.

સ્થાનો ન ક્ષાયિકભાવનાં, ક્ષાયોપશમિક તણાં નહીં;
સ્થાનો ન ઉપશમભાવનાં કે ઉદયભાવ તણાં નહીં. ૪૧.

**અન્વયાર્થ** :—જીવને ક્ષાયિકભાવનાં સ્થાનો નથી, ક્ષયોપશમ-સ્વભાવનાં સ્થાનો નથી, ઔદયિકભાવનાં સ્થાનો નથી કે ઉપશમ-સ્વભાવનાં સ્થાનો નથી. ।।૪૧।।

શુદ્ધ નિશ્ચયનયે શુદ્ધ જીવને સમસ્ત સંસારવિકારનો સમુદાય નથી એમ અહીં (આ ગાથામાં) કહ્યું છે.

ચઉગતિભ્રમણ નહિ, જન્મ મરણ ન, રોગ શોક જરા નહીં,
કુળ, યોનિ કે જીવસ્થાન માર્ગણસ્થાન જીવને છે નહીં. ૪૨.

**અન્વયાર્થ** :—જીવને ચાર ગતિના ભવોમાં પરિભ્રમણ જન્મ, જરા, મરણ, રોગ, શોક, કુળ, યોનિ, જીવસ્થાનો અને માર્ગણાસ્થાનો નથી. ।।૪૨।।

અહીં (આ ગાથામાં) ખરેખર શુદ્ધ આત્માને સમસ્ત વિભાવનો અભાવ છે એમ કહ્યું છે.

નિર્દંડ ને નિર્દ્વંદ્વ, નિર્મમ, નિઃશરીર, નીરાગ છે,
નિર્દોષ, નિર્ભય, નિરવલંબન, આતમા નિર્મૂઢ છે. ૪૩.

**અન્વયાર્થ** :—આત્મા નિર્દંડ, નિર્દ્વંદ્વ, નિર્મમ, નિઃશરીર, નિરાલંબ, નીરાગ, નિર્દોષ, નિર્મૂઢ અને નિર્ભય છે. ।।૪૩।।

અહીં (આ ગાથામાં) પણ શુદ્ધ જીવનું સ્વરૂપ કહ્યું છે.

નિર્ગ્રંથ છે, નિષ્કામ છે, નિઃક્રોધ, જીવ નિર્માન છે,
નિઃશલ્ય તેમ નીરાગ, નિર્મદ, સર્વદોષવિમુક્ત છે. ૪૪.

**અન્વયાર્થ** :—આત્મા નિર્ગ્રંથ, નીરાગ, નિઃશલ્ય, સર્વદોષ-વિમુક્ત, નિષ્કામ, નિઃક્રોધ, નિર્માન અને નિર્મદ છે. ।।૪૪।।

અહીં (આ બે ગાથાઓમાં) પરમસ્વભાવભૂત એવું જે કારણ-પરમાત્માનું સ્વરૂપ તેને સમસ્ત પૌદ્‌ગલિક વિકારસમૂહ નથી એમ કહ્યું છે.

સ્ત્રી-પુરુષ આદિક પર્યયો, રસવર્ણગંધસ્પર્શ ને
સંસ્થાન તેમ જ સંહનન સૌ છે નહીં જીવદ્રવ્યને. ૪૫.

જીવ ચેતનાગુણ, અરસરૂપ, અગંધશબ્દ, અવ્યક્ત છે,
વળી લિંગગ્રહણવિહીન છે, સંસ્થાન ભાખ્યું ન તેહને. ૪૬.

**અન્વયાર્થ** :—વર્ણ-રસ-ગંધ-સ્પર્શ, સ્ત્રી-પુરુષ-નપુંસકાદિ પર્યાયો, સંસ્થાનો અને સંહનનો—એ બધાં જીવને નથી. ॥૪૫॥

જીવને અરસ, અરૂપ, અગંધ, અવ્યક્ત, ચેતનાગુણવાળો, અશબ્દ, અલિંગગ્રહણ (લિંગથી અગ્રાહ્ય) અને જેને કોઈ સંસ્થાન કહ્યું નથી એવો જાણ. ॥૪૬॥

શુદ્ધદ્રવ્યાર્થિક નયના અભિપ્રાયે સંસારી જીવોમાં અને મુક્ત જીવોમાં તફાવત નહિ હોવાનું આ કથન છે.

જેવા જીવો છે સિદ્ધિગત તેવા જીવો સંસારી છે,
જેથી જનમમરણાદિહીન ને અષ્ટગુણસંયુક્ત છે. ૪૭.

**અન્વયાર્થ** :—જેવા સિદ્ધ આત્માઓ છે તેવા ભવલીન (સંસારી) જીવો છે, જેથી (તે સંસારી જીવો સિદ્ધાત્માઓની માફક) જન્મ-જરા-મરણથી રહિત અને આઠ ગુણોથી અલંકૃત છે. ॥૪૭॥

વળી આ, કાર્યસમયસારમાં અને કારણસમયસારમાં તફાવત નહિ હોવાનું કથન છે.

અશરીર ને અવિનાશ છે, નિર્મળ, અતીંદ્રિય, શુદ્ધ છે,
જ્યમ લોક-અગ્રે સિદ્ધ, તે રીત જાણ સૌ સંસારીને. ૪૮.

**અન્વયાર્થ :**—જેમ લોકાગ્રે સિદ્ધભગવંતો અશરીરી, અવિનાશી, અતીંદ્રિય, નિર્મળ અને વિશુદ્ધાત્મા (વિશુદ્ધસ્વરૂપી) છે, તેમ સંસારમાં (સર્વ) જીવો જાણવા. ॥૪૮॥

આ, નિશ્ચયનય અને વ્યવહારનયના ઉપાદેયપણાનું પ્રકાશન (-કથન) છે.

આ સર્વ ભાવ કહેલ છે વ્યવહારનયના આશ્રયે;
સંસારી જીવ સમસ્ત સિદ્ધસ્વભાવી શુદ્ધનયાશ્રયે. ૪૯.

**અન્વયાર્થ :**—આ (પૂર્વોક્ત) બધા ભાવો ખરેખર વ્યવહારનયનો આશ્રય કરીને (સંસારી જીવોમાં વિદ્યમાન) કહેવામાં આવ્યા છે; શુદ્ધનયથી સંસારમાં રહેલા સર્વ જીવો સિદ્ધસ્વભાવી છે. ॥૪૯॥

આ, હેય-ઉપાદેય અથવા ત્યાગ-ગ્રહણના સ્વરૂપનું કથન છે.

પૂર્વોક્ત ભાવો પર-દરવ પરભાવ, તેથી હેય છે;
આત્મા જ છે આદેય, અંતઃતત્ત્વરૂપ નિજદ્રવ્ય જે. ૫૦.

**અન્વયાર્થ :**—પૂર્વોક્ત સર્વ ભાવો પરસ્વભાવો છે, પરદ્રવ્ય છે, તેથી હેય છે; અંતઃતત્ત્વ એવું સ્વદ્રવ્ય—આત્મા—ઉપાદેય છે. ॥૫૦॥

આ, રત્નત્રયના સ્વરૂપનું કથન છે.

શ્રદ્ધાન વિપરીત-અભિનિવેશવિહીન તે સમ્યક્ત્વ છે;
સંશય-વિમોહ-વિભ્રાંતિ વિરહિત જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. ૫૧.

ચલ મલ-અગાઢપણા રહિત શ્રદ્ધાન તે સમ્યક્ત્વ છે;
આદેય-હેય પદાર્થનો અવબોધ સમ્યગ્જ્ઞાન છે. ૫૨.

જિનસૂત્ર સમકિતહેતુ છે, ને સૂત્રજ્ઞાતા પુરુષ જે
તે જાણ અંતર્હેતુ, દૃગ્મોહક્ષયાદિક જેમને. ૫૩.

**સમ્યક્ત્વ, સમ્યગ્જ્ઞાન તેમ જ ચરણ મુક્તિપંથ છે;**
**તેથી કહીશ હું ચરણને વ્યવહાર ને નિશ્ચય વડે. ૫૪.**

**વ્યવહારનયચારિત્રમાં વ્યવહારનું તપ હોય છે;**
**તપ હોય છે નિશ્ચય થકી, ચારિત્ર જ્યાં નિશ્ચયનયે. ૫૫.**

**અન્વયાર્થ :**—વિપરીત અભિનિવેશ રહિત શ્રદ્ધાન તે જ સમ્યક્ત્વ છે; સંશય, વિમોહ ને વિભ્રમ રહિત (જ્ઞાન) તે સમ્યગ્જ્ઞાન છે. ।।૫૧।।

ચળતા, મલિનતા અને અગાઢતા રહિત શ્રદ્ધાન તે જ સમ્યક્ત્વ છે; હેય અને ઉપાદેય તત્ત્વોને જાણવારૂપ ભાવ તે (સમ્યક્) જ્ઞાન છે. ।।૫૨।।

સમ્યક્ત્વનું નિમિત્ત જિનસૂત્ર છે; જિનસૂત્રના જાણનારા પુરુષોને (સમ્યક્ત્વના) અંતરંગ હેતુઓ કહ્યા છે, કારણ કે તેમને દર્શનમોહના ક્ષયાદિક છે. ।।૫૩।।

સાંભળ, મોક્ષને માટે સમ્યક્ત્વ હોય છે, સમ્યગ્જ્ઞાન હોય છે, ચારિત્ર (પણ) હોય છે; તેથી હું વ્યવહાર અને નિશ્ચયથી ચારિત્ર કહીશ. ।।૫૪।।

વ્યવહારનયના ચારિત્રમાં વ્યવહારનયનું તપશ્ચરણ હોય છે; નિશ્ચયનયના ચારિત્રમાં નિશ્ચયથી તપશ્ચરણ હોય છે. ।।૫૫।।

આ રીતે, શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમનો **શુદ્ધભાવ અધિકાર** નામનો ત્રીજો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

## - ૪ -

# વ્યવહારચારિત્ર અધિકાર

હવે વ્યવહારચારિત્ર અધિકાર કહેવામાં આવે છે.

આ, અહિંસાવ્રતના સ્વરૂપનું કથન છે.

જીવસ્થાન, માર્ગણસ્થાન, યોનિ, કુલાદિ જીવનાં જાણીને,
આરંભથી નિવૃત્તિરૂપ પરિણામ તે વ્રત પ્રથમ છે. ૫૬.

**અન્વયાર્થ :—**જીવોનાં કુળ, યોનિ, જીવસ્થાન, માર્ગણાસ્થાન વગેરે જાણીને તેમના આરંભથી નિવૃત્તિરૂપ પરિણામ તે પહેલું વ્રત છે. ॥૫૬॥

આ, સત્યવ્રતના સ્વરૂપનું કથન છે.

વિદ્વેષ-રાગ-વિમોહજનિત મૃષા તણા પરિણામને
જે છોડતા મુનિરાજ, તેને સર્વદા વ્રત દ્વિતીય છે. ૫૭.

**અન્વયાર્થ :—**રાગથી, દ્વેષથી અથવા મોહથી થતા મૃષા ભાષાના પરિણામને જે સાધુ છોડે છે, તેને જ સદા બીજું વ્રત છે. ॥૫૭॥

આ, ત્રીજા વ્રતના સ્વરૂપનું કથન છે.

નગરે, અરણ્યે, ગ્રામમાં કો વસ્તુ પરની દેખીને
છોડે ગ્રહણપરિણામ જે, તે પુરુષને વ્રત તૃતીય છે. ૫૮.

**અન્વયાર્થ :—**ગ્રામમાં, નગરમાં કે વનમાં પારકી વસ્તુને દેખીને જે (સાધુ) તેને ગ્રહવાના ભાવને છોડે છે, તેને જ ત્રીજું વ્રત છે. ॥૫૮॥

આ, ચોથા વ્રતના સ્વરૂપનું કથન છે.

સ્ત્રીરૂપ દેખી સ્ત્રી પ્રતિ અભિલાષભાવનિવૃત્તિ જે,
વા મિથુનસંજ્ઞારહિત જે પરિણામ તે વ્રત તુર્ય છે. ૫૯.

**અન્વયાર્થ :—**સ્ત્રીઓનું રૂપ દેખીને તેમના પ્રત્યે વાંછાભાવની નિવૃત્તિ તે અથવા મૈથુનસંજ્ઞારહિત જે પરિણામ તે ચોથું વ્રત છે. ।।૫૯।।

અહીં (આ ગાથામાં) પાંચમા વ્રતનું સ્વરૂપ કહેવામાં આવ્યું છે.

નિરપેક્ષ ભાવન સહિત સર્વ પરિગ્રહોનો ત્યાગ જે,
તે જાણવું વ્રત પાંચમું ચારિત્રભર વહનારને. ૬૦.

**અન્વયાર્થ :—**નિરપેક્ષ ભાવનાપૂર્વક (અર્થાત્ જે ભાવનામાં પરની અપેક્ષા નથી એવી શુદ્ધ નિરાલંબન ભાવના સહિત) સર્વ પરિગ્રહોનો ત્યાગ (સર્વપરિગ્રહત્યાગસંબંધી શુભભાવ) તે, ચારિત્રભર વહનારને પાંચમું વ્રત કહ્યું છે. ।।૬૦।।

અહીં (આ ગાથામાં) ઈર્યાસમિતિનું સ્વરૂપ કહ્યું છે.

અવલોકી માર્ગ ધુરાપ્રમાણ કરે ગમન મુનિરાજ જે
દિવસે જ પ્રાસુક માર્ગમાં, ઈર્યાસમિતિ તેહને. ૬૧.

**અન્વયાર્થ :—**જે શ્રમણ પ્રાસુક માર્ગે દિવસે ધુરાપ્રમાણ આગળ જોઈને ચાલે છે, તેને ઈર્યાસમિતિ હોય છે. ।।૬૧।।

અહીં ભાષાસમિતિનું સ્વરૂપ કહ્યું છે.

નિજસ્તવન, પરનિંદા, પિશુનતા, હાસ્ય, કર્કશ વચનને
છોડી સ્વપરહિત જે વદે, ભાષાસમિતિ તેહને. ૬૨.

**અન્વયાર્થ :—**પૈશૂન્ય (ચાડી), હાસ્ય, કર્કશ ભાષા, પરનિંદા

અને આત્મપ્રશંસારૂપ વચનો પરિત્યાગીને જે સ્વપરહિતરૂપ વચનો બોલે છે, તેને ભાષાસમિતિ હોય છે. ।।૬૨।।

અહીં એષણાસમિતિનું સ્વરૂપ કહ્યું છે. તે આ પ્રમાણે—

અનુમનન-કૃત-કારિતવિહીન, પ્રશસ્ત, પ્રાસુક અશનને
—પરદત્તને મુનિ જે ગ્રહે, એષણસમિતિ તેહને. ૬૩.

**અન્વયાર્થ :—**પર વડે દેવામાં આવેલું, કૃત-કારિત-અનુમોદન રહિત, પ્રાસુક અને પ્રશસ્ત ભોજન કરવારૂપ જે સમ્યક્ આહારગ્રહણ તે એષણાસમિતિ છે. ।।૬૩।।

અહીં આદાનનિક્ષેપનસમિતિનું સ્વરૂપ કહ્યું છે. તે આ પ્રમાણે—

શાસ્ત્રાદિ ગ્રહતાં—મૂકતાં મુનિના પ્રયત પરિણામને
આદાનનિક્ષેપણ સમિતિ કહેલ છે આગમ વિષે. ૬૪.

**અન્વયાર્થ :—**પુસ્તક, કમંડળ વગેરે લેવા-મૂકવા સંબંધી પ્રયત્નપરિણામ તે આદાનનિક્ષેપણસમિતિ છે એમ કહ્યું છે. ।।૬૪।।

આ, મુનિઓને કાયમળાદિત્યાગના સ્થાનની શુદ્ધિનું કથન છે.

જે ભૂમિ પ્રાસુક, ગૂઢ ને ઉપરોધ જ્યાં પરનો નહીં,
મળત્યાગ ત્યાં કરનારને સમિતિ પ્રતિષ્ઠાપન તણી. ૬૫.

**અન્વયાર્થ :—**જેને પરના ઉપરોધ વિનાના (—બીજાથી રોકવામાં ન આવે એવા), ગૂઢ અને પ્રાસુક ભૂમિપ્રદેશમાં મળાદિનો ત્યાગ હોય, તેને પ્રતિષ્ઠાપન સમિતિ હોય છે. ।।૬૫।।

આ, વ્યવહાર મનોગુપ્તિના સ્વરૂપનું કથન છે.

કાલુષ્ય, સંજ્ઞા, મોહ, રાગ, દ્વેષ આદિ અશુભના
પરિહારને મનગુપ્તિ છે ભાખેલ નય વ્યવહારમાં. ૬૬.

**અન્વયાર્થ :**—કલુષતા, મોહ, સંજ્ઞા, રાગ, દ્વેષ વગેરે અશુભ ભાવોના પરિહારને વ્યવહારનયથી મનોગુપ્તિ કહેલ છે. ॥૬૬॥

અહીં વચનગુપ્તિનું સ્વરૂપ કહ્યું છે.

સ્ત્રી-રાજ-ભોજન-ચોરકથની હેતુ છે જે પાપની
તસુ ત્યાગ, વા અલીકાદિનો જે ત્યાગ, ગુપ્તિ વચનની. ૬૭.

**અન્વયાર્થ :**—પાપનાં હેતુભૂત એવાં સ્ત્રીકથા, રાજકથા, ચોરકથા, ભક્તકથા ઈત્યાદિરૂપ વચનોનો પરિહાર અથવા અસત્યાદિકની નિવૃત્તિવાળાં વચનો તે વચન-ગુપ્તિ છે. ॥૬૭॥

અહીં કાયગુપ્તિનું સ્વરૂપ કહ્યું છે.

વધ, બંધ ને છેદનમયી, વિસ્તરણ-સંકોચનમયી
ઈત્યાદિ કાયક્રિયા તણી નિવૃત્તિ તનગુપ્તિ કહી. ૬૮.

**અન્વયાર્થ :**—બંધન, છેદન, મારણ (–મારી નાખવું), આકુંચન (–સંકોચવું) તથા પ્રસારણ (–વિસ્તારવું) ઈત્યાદિ કાયક્રિયાઓની નિવૃત્તિને કાયગુપ્તિ કહી છે. ॥૬૮॥

આ, નિશ્ચયનયથી મનોગુપ્તિની અને વચનગુપ્તિની સૂચના છે.

મનમાંથી જે રાગાદિની નિવૃત્તિ તે મનગુપ્તિ છે;
અલીકાદિની નિવૃત્તિ અથવા મૌન વાચાગુપ્તિ છે. ૬૯.

**અન્વયાર્થ :**—મનમાંથી જે રાગાદિની નિવૃત્તિ તેને મનોગુપ્તિ જાણ. અસત્યાદિની નિવૃત્તિ અથવા મૌન તે વચનગુપ્તિ છે. ॥૬૯॥

આ, નિશ્ચયશરીરગુપ્તિના સ્વરૂપનું કથન છે.

જે કાયકર્મનિવૃત્તિ કાયોત્સર્ગ તે તનગુપ્તિ છે;
હિંસાદિની નિવૃત્તિને વળી કાયગુપ્તિ કહેલ છે. ૭૦.

**અન્વયાર્થ :**—કાયક્રિયાઓની નિવૃત્તિરૂપ કાયોત્સર્ગ શરીરસંબંધી ગુપ્તિ છે; અથવા હિંસાદિની નિવૃત્તિને શરીરગુપ્તિ કહી છે. ॥૭૦॥

આ, ભગવાન અર્હત્ પરમેશ્વરના સ્વરૂપનું કથન છે.

ઘનઘાતિકર્મ વિહીન ને ચોત્રીસ અતિશય યુક્ત છે,
કૈવલ્યજ્ઞાનાદિક પરમગુણ યુક્ત શ્રી અર્હંત છે. ૭૧.

**અન્વયાર્થ :**—ઘનઘાતીકર્મ રહિત, કેવળજ્ઞાનાદિ પરમ ગુણો સહિત અને ચોત્રીશ અતિશય સંયુક્ત;—આવા, અર્હંતો હોય છે. ॥૭૧॥

સિદ્ધિના પરંપરાહેતુભૂત એવા ભગવંત સિદ્ધપરમેષ્ઠીઓનું સ્વરૂપ અહીં કહ્યું છે.

છે અષ્ટ કર્મ વિનષ્ટ, અષ્ટ મહાગુણે સંયુક્ત છે,
શાશ્વત, પરમ ને લોક-અગ્રવિરાજમાન શ્રી સિદ્ધ છે. ૭૨.

**અન્વયાર્થ :**—આઠ કર્મના બંધને જેમણે નષ્ટ કરેલ છે એવા, આઠ મહાગુણો સહિત, પરમ, લોકના અગ્રે સ્થિત અને નિત્ય;—આવા, તે સિદ્ધો હોય છે. ॥૭૨॥

અહીં આચાર્યનું સ્વરૂપ કહ્યું છે.

પરિપૂર્ણ પંચાચારમાં, વળી ધીર ગુણગંભીર છે,
પંચેંદ્રિગજના દર્પદલને દક્ષ શ્રી આચાર્ય છે. ૭૩.

**અન્વયાર્થ :**—પંચાચારોથી પરિપૂર્ણ, પંચેંદ્રિયરૂપી હાથીના મદનું દલન કરનારા, ધીર અને ગુણગંભીર;—આવા, આચાર્યો હોય છે. ॥૭૩॥

આ, અધ્યાપક (અર્થાત્ ઉપાધ્યાય) નામના પરમગુરુના સ્વરૂપનું કથન છે.

**રત્નત્રયે સંયુક્ત ને નિઃકાંક્ષભાવથી યુક્ત છે,**
**જિનવરકથિત અર્થોપદેશે શૂર શ્રી ઉવઝાય છે. ૭૪.**

**અન્વયાર્થ :—**રત્નત્રયથી સંયુક્ત, જિનકથિત પદાર્થોના શૂરવીર ઉપદેશક અને નિઃકાંક્ષભાવ સહિત;—આવા, ઉપાધ્યાયો હોય છે. ।।૭૪।।

આ, નિરંતર અખંડિત પરમ તપશ્ચરણમાં નિરત (–લીન) એવા સર્વ સાધુઓના સ્વરૂપનું કથન છે.

**નિર્ગ્રંથ છે, નિર્મોહ છે, વ્યાપારથી પ્રવિમુક્ત છે,**
**ચૌવિધ આરાધન વિષે નિત્યાનુરક્ત શ્રી સાધુ છે. ૭૫.**

**અન્વયાર્થ :—**વ્યાપારથી વિમુક્ત (–સમસ્ત વ્યાપાર રહિત), ચતુર્વિધ આરાધનામાં સદા રક્ત, નિર્ગ્રંથ અને નિર્મોહ;—આવા, સાધુઓ હોય છે. ।।૭૫।।

આ, વ્યવહારચારિત્ર-અધિકારનું જે વ્યાખ્યાન તેના ઉપસંહારનું અને નિશ્ચયચારિત્રની સૂચનાનું કથન છે.

**આ ભાવનામાં જાણવું ચારિત્ર નય વ્યવહારથી;**
**આના પછી ભાખીશ હું ચારિત્ર નિશ્ચયનય થકી. ૭૬.**

**અન્વયાર્થ :—**આવી (પૂર્વોક્ત) ભાવનામાં વ્યવહારનયના અભિપ્રાયે ચારિત્ર છે; નિશ્ચયનયના અભિપ્રાયે ચારિત્ર આના પછી કહીશ. ।।૭૬।।

આ રીતે, શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમનો **વ્યવહારચારિત્ર અધિકાર** નામનો ચોથો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

## - ૫ -

# પરમાર્થ-પ્રતિક્રમણ અધિકાર

હવે, સકળ વ્યાવહારિક ચારિત્રથી અને તેના ફળની પ્રાપ્તિથી પ્રતિપક્ષ એવું જે શુદ્ધનિશ્ચયનયાત્મક પરમ ચારિત્ર તેનું પ્રતિપાદન કરનારો પરમાર્થ-પ્રતિક્રમણ અધિકાર કહેવામાં આવે છે. ત્યાં શરૂઆતમાં પંચરત્નનું સ્વરૂપ કહેવામાં આવે છે. તે આ પ્રમાણે :

હવે પાંચ રત્નોનું અવતરણ કરવામાં આવે છે :—

અહીં શુદ્ધ આત્માને સકળ કર્તૃત્વનો અભાવ દર્શાવે છે.

નારક નહીં, તિર્યંચ-માનવ-દેવપર્યય હું નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૭.

હું માર્ગણાસ્થાનો નહીં, ગુણસ્થાન-જીવસ્થાનો નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૮.

હું બાળ-વૃદ્ધ-યુવાન નહિ, હું તેમનું કારણ નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૯.

હું રાગ-દ્વેષ ન, મોહ નહિ, હું તેમનું કારણ નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૮૦.

હું ક્રોધ નહિ, નહિ માન, તેમ જ લોભ-માયા છું નહીં,
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૮૧.

**અન્વયાર્થ :**—હું નારકપર્યાય, તિર્યંચપર્યાય, મનુષ્યપર્યાય કે દેવપર્યાય નથી; તેમનો (હું) કર્તા નથી, કારયિતા (–કરાવનાર) નથી, કર્તાનો અનુમોદક નથી. ॥૭૭॥

હું માર્ગણાસ્થાનો નથી, હું ગુણસ્થાનો નથી, જીવસ્થાનો નથી;

તેમનો હું કર્તા નથી, કારયિતા નથી, કર્તાનો અનુમોદક નથી. ।।૭૮।।

હું બાળ નથી, વૃદ્ધ નથી, તેમ જ તરુણ નથી; તેમનું (હું) કારણ નથી; તેમનો (હું) કર્તા નથી, કારયિતા નથી, કર્તાનો અનુમોદક નથી. ।।૭૯।।

હું રાગ નથી, દ્વેષ નથી, તેમ જ મોહ નથી; તેમનું (હું) કારણ નથી; તેમનો (હું) કર્તા નથી, કારયિતા નથી, કર્તાનો અનુમોદક નથી. ।।૮૦।।

હું ક્રોધ નથી, માન નથી, તેમ જ હું માયા નથી, લોભ નથી; તેમનો (હું) કર્તા નથી, કારયિતા નથી, કર્તાનો અનુમોદક નથી. ।।૮૧।।

અહીં, ભેદવિજ્ઞાન દ્વારા ક્રમે નિશ્ચય-ચારિત્ર થાય છે એમ કહ્યું છે.

આ ભેદના અભ્યાસથી માધ્યસ્થ થઈ ચારિત બને;
પ્રતિક્રમણ આદિ કહીશ હું ચારિત્રદ્રઢતા કારણે. ૮૨.

**અન્વયાર્થ :—**આવો ભેદ-અભ્યાસ થતાં જીવ મધ્યસ્થ થાય છે, તેથી ચારિત્ર થાય છે. તેને (ચારિત્રને) દ્રઢ કરવા નિમિત્તે હું પ્રતિક્રમણાદિ કહીશ. ।।૮૨।।

દિને દિને મુમુક્ષુ જનો વડે ઉચ્ચારવામાં આવતો જે વચનમય પ્રતિક્રમણ નામનો સમસ્ત પાપક્ષયના હેતુભૂત સૂત્રસમુદાય તેનો આ નિરાસ છે (અર્થાત્ તેનું આમાં નિરાકરણ—ખંડન કર્યું છે).

રચના વચનની છોડીને, રાગાદિભાવ નિવારીને,
જે જીવ ધ્યાવે આત્મને, તે જીવને પ્રતિક્રમણ છે. ૮૩.

**અન્વયાર્થ :—**વચનરચનાને છોડીને, રાગાદિભાવોનું નિવારણ કરીને, જે આત્માને ધ્યાવે છે, તેને પ્રતિક્રમણ હોય છે. ।।૮૩।।

અહીં આત્માની આરાધનામાં વર્તતા જીવને જ પ્રતિક્રમણસ્વરૂપ કહેલ છે.

છોડી સમસ્ત વિરાધના આરાધનામાં જે રહે,
તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૪.

**અન્વયાર્થ :—**જે (જીવ) વિરાધનને વિશેષતઃ છોડીને આરાધનામાં વર્તે છે, તે (જીવ) પ્રતિક્રમણ કહેવાય છે, કારણ કે તે પ્રતિક્રમણમય છે. ।।૮૪।।

અહીં (આ ગાથામાં) નિશ્ચયચરણાત્મક પરમોપેક્ષાસંયમના ધરનારને નિશ્ચયપ્રતિક્રમણનું સ્વરૂપ હોય છે એમ કહ્યું છે.

જે છોડી અણ-આચારને આચારમાં સ્થિરતા કરે,
તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૫.

**અન્વયાર્થ :—**જે (જીવ) અનાચાર છોડીને આચારમાં સ્થિરભાવ કરે છે, તે (જીવ) પ્રતિક્રમણ કહેવાય છે, કારણ કે તે પ્રતિક્રમણમય છે. ।।૮૫।।

અહીં ઉન્માર્ગનો પરિત્યાગ અને સર્વજ્ઞવીતરાગ-માર્ગનો સ્વીકાર વર્ણવવામાં આવેલ છે.

પરિત્યાગી જે ઉન્માર્ગને જિનમાર્ગમાં સ્થિરતા કરે,
તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૬.

**અન્વયાર્થ :—**જે (જીવ) ઉન્માર્ગને પરિત્યાગીને જિનમાર્ગમાં સ્થિરભાવ કરે છે, તે (જીવ) પ્રતિક્રમણ કહેવાય છે, કારણ કે તે પ્રતિક્રમણમય છે. ।।૮૬।।

અહીં નિઃશલ્યભાવે પરિણત મહાતપોધનને જ નિશ્ચયપ્રતિક્રમણ-સ્વરૂપ કહેલ છે.

જે સાધુ છોડી શલ્યને નિ:શલ્યભાવે પરિણમે,
તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૭.

**અન્વયાર્થ :—**જે સાધુ શલ્યભાવ છોડીને નિ:શલ્યભાવે પરિણમે છે, તે (સાધુ) પ્રતિક્રમણ કહેવાય છે, કારણ કે તે પ્રતિક્રમણમય છે. ॥૮૭॥

ત્રિગુપ્તિગુપ્તપણું (–ત્રણ ગુપ્તિ વડે ગુપ્તપણું) જેનું લક્ષણ છે એવા પરમ તપોધનને નિશ્ચયચારિત્ર હોવાનું આ કથન છે.

જે સાધુ છોડી અગુપ્તિભાવ ત્રિગુપ્તિગુપ્તપણે રહે,
તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૮.

**અન્વયાર્થ :—**જે સાધુ અગુપ્તિભાવ તજીને ત્રિગુપ્તિગુપ્ત રહે છે, તે (સાધુ) પ્રતિક્રમણ કહેવાય છે, કારણ કે તે પ્રતિક્રમણમય છે. ॥૮૮॥

આ, ધ્યાનના ભેદોના સ્વરૂપનું કથન છે.

તજી આર્ત તેમ જ રૌદ્રને, ધ્યાવે ધરમને, શુક્લને,
તે પ્રતિક્રમણ કહેવાય છે જિનવરકથિત સૂત્રો વિષે. ૮૯.

**અન્વયાર્થ :—**જે (જીવ) આર્ત અને રૌદ્ર ધ્યાન છોડીને ધર્મ અથવા શુક્લ ધ્યાનને ધ્યાવે છે, તે (જીવ) જિનવરકથિત સૂત્રોમાં પ્રતિક્રમણ કહેવાય છે. ॥૮૯॥

આ, આસન્નભવ્ય અને અનાસન્નભવ્ય જીવના પૂર્વાપર (–પહેલાંના અને પછીના) પરિણામના સ્વરૂપનું કથન છે.

મિથ્યાત્વ-આદિક ભાવને ચિરકાળ ભાવ્યા છે જીવે;
સમ્યક્ત્વ-આદિક ભાવ રે ! ભાવ્યા નથી પૂર્વે જીવે. ૯૦.

**અન્વયાર્થ :—**મિથ્યાત્વાદિ ભાવો જીવે પૂર્વે સુચિર કાળ (બહુ દીર્ઘ કાળ) ભાવ્યા છે; સમ્યક્ત્વાદિ ભાવો જીવે ભાવ્યા નથી. ॥૯૦॥

અહીં (આ ગાથામાં), સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્રનો નિરવશેષ (–સંપૂર્ણ) સ્વીકાર કરવાથી અને મિથ્યાદર્શનજ્ઞાનચારિત્રનો નિરવશેષ ત્યાગ કરવાથી પરમ મુમુક્ષુને નિશ્ચયપ્રતિક્રમણ હોય છે એમ કહ્યું છે.

નિઃશેષ મિથ્યાજ્ઞાન-દર્શન-ચરણને પરિત્યાગીને
સુજ્ઞાન-દર્શન-ચરણ ભાવે, જીવ તે પ્રતિક્રમણ છે. ૯૧.

**અન્વયાર્થ :**—મિથ્યાદર્શન, મિથ્યાજ્ઞાન અને મિથ્યાચારિત્રને નિરવશેષપણે છોડીને સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રને જે (જીવ) ભાવે છે, તે (જીવ) પ્રતિક્રમણ છે. ાા૯૧ાા

અહીં (આ ગાથામાં), નિશ્ચય-ઉત્તમાર્થપ્રતિક્રમણનું સ્વરૂપ કહ્યું છે.

આત્મા જ ઉત્તમ-અર્થ છે, તત્રસ્થ મુનિ કર્મો હણે;
તે કારણે બસ ધ્યાન ઉત્તમ-અર્થનું પ્રતિક્રમણ છે. ૯૨.

**અન્વયાર્થ :**—ઉત્તમાર્થ (–ઉત્તમ પદાર્થ) આત્મા છે. તેમાં સ્થિત મુનિવરો કર્મને હણે છે. તેથી ધ્યાન જ ખરેખર ઉત્તમાર્થનું પ્રતિક્રમણ છે. ાા૯૨ાા

અહીં (આ ગાથામાં), ધ્યાન એક ઉપાદેય છે એમ કહ્યું છે.

રહી ધ્યાનમાં તલ્લીન, છોડે સાધુ દોષ સમસ્તને;
તે કારણે બસ ધ્યાન સૌ અતિચારનું પ્રતિક્રમણ છે. ૯૩.

**અન્વયાર્થ :**—ધ્યાનમાં લીન સાધુ સર્વ દોષોનો પરિત્યાગ કરે છે; તેથી ધ્યાન જ ખરેખર સર્વ અતિચારનું પ્રતિક્રમણ છે. ાા૯૩ાા

અહીં, વ્યવહારપ્રતિક્રમણનું સફળપણું કહ્યું છે (અર્થાત્ દ્રવ્યશ્રુતાત્મક પ્રતિક્રમણસૂત્રમાં વર્ણવેલા પ્રતિક્રમણને સાંભળીને—જાણીને, સકળ સંયમની ભાવના કરવી તે જ વ્યવહારપ્રતિક્રમણનું સફળપણું–સાર્થકપણું છે એમ આ ગાથામાં કહ્યું છે).

પ્રતિક્રમણનામક સૂત્રમાં જ્યમ વર્ણવ્યું પ્રતિક્રમણને
ત્યમ જાણી ભાવે ભાવના, તેને તદા પ્રતિક્રમણ છે. ૯૪.

**અન્વયાર્થ :—**પ્રતિક્રમણ નામના સૂત્રમાં જે પ્રમાણે પ્રતિક્રમણ વર્ણવવામાં આવ્યું છે તે પ્રમાણે જાણીને જે ભાવે છે, તેને ત્યારે પ્રતિક્રમણ છે. ॥૯૪॥

આ રીતે, શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમનો નિશ્ચય-પ્રતિક્રમણ અધિકાર નામનો પાંચમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

# - ૬ -
# નિશ્ચય--પ્રત્યાખ્યાન અધિકાર

હવે નીચે પ્રમાણે નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકાર કહેવામાં આવે છે—કે જે નિશ્ચય-પ્રત્યાખ્યાન સકળ પ્રવ્રજ્યારૂપ સામ્રાજ્યની વિજય-ધજાના વિશાળ દંડની શોભા સમાન છે, સમસ્ત કર્મોની નિર્જરાના હેતુભૂત છે, મોક્ષની સીડી છે અને મુક્તિરૂપી સ્ત્રીના પ્રથમ દર્શનની ભેટ છે.

અહીં ગાથાસૂત્રનું અવતરણ કરવામાં આવે છે.

આ, નિશ્ચયનયના પ્રત્યાખ્યાનના સ્વરૂપનું કથન છે.

પરિત્યાગી જલ્પ સમસ્તને, ભાવી શુભાશુભ વારીને,
જે જીવ ધ્યાવે આત્મને, પચખાણ છે તે જીવને. ૯૫.

**અન્વયાર્થ :**—સમસ્ત જલ્પને (—વચનવિસ્તારને) છોડીને અને અનાગત શુભ-અશુભનું નિવારણ કરીને જે આત્માને ધ્યાવે છે, તેને પ્રત્યાખ્યાન છે. ॥૯૫॥

આ, અનંતચતુષ્ટયાત્મક નિજ આત્માના ધ્યાનના ઉપદેશનું કથન છે.

કેવલદરશ, કેવલવીરજ, કૈવલ્યજ્ઞાનસ્વભાવી છે,
વળી સૌખ્યમય છે જેહ તે હું—એમ જ્ઞાની ચિંતવે. ૯૬.

**અન્વયાર્થ :**—કેવળજ્ઞાનસ્વભાવી, કેવળ-દર્શનસ્વભાવી, સુખ-મય અને કેવળશક્તિ-સ્વભાવી તે હું છું—એમ જ્ઞાની ચિંતવે છે. ॥૯૬॥

અહીં, પરમ ભાવનાની સંમુખ એવા જ્ઞાનીને શિખામણ દીધી છે.

નિજભાવને છોડે નહીં, પરભાવ કંઈ પણ નવ ગ્રહે,
જાણે-જુએ જે સર્વ, તે હું—એમ જ્ઞાની ચિંતવે. ૯૭.

**અન્વયાર્થ :—**જે નિજભાવને છોડતો નથી, કાંઈ પણ પરભાવને ગ્રહતો નથી, સર્વને જાણે-દેખે છે, તે હું છું—એમ જ્ઞાની ચિંતવે છે. ॥૯૭॥

અહીં (—આ ગાથામાં), બંધરહિત આત્માને ભાવવો—એમ ભવ્યને શિખામણ દીધી છે.

પ્રકૃતિ-સ્થિતિ-પરદેશ-અનુભાગબંધ વિરહિત જીવ જે
છું તે જ હું—ત્યમ ભાવતો, તેમાં જ તે સ્થિરતા કરે. ૯૮.

**અન્વયાર્થ :—**પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, અનુભાગબંધ અને પ્રદેશબંધ રહિત જે આત્મા તે હું છું—એમ ચિંતવતો થકો, (જ્ઞાની) તેમાં જ સ્થિરભાવ કરે છે. ॥૯૮॥

અહીં સકળ વિભાવના સંન્યાસની (—ત્યાગની) વિધિ કહી છે.

પરિવર્જું છું હું મમત્વ, નિર્મમ ભાવમાં સ્થિત હું રહું;
અવલંબું છું મુજ આત્મને, અવશેષ સર્વ હું પરિહરું. ૯૯.

**અન્વયાર્થ :—**હું મમત્વને પરિવર્જું છું અને નિર્મમત્વમાં સ્થિત રહું છું; આત્મા મારું આલંબન છે અને બાકીનું હું તજું છું. ॥૯૯॥

અહીં (—આ ગાથામાં), સર્વત્ર આત્મા ઉપાદેય (—ગ્રહણ કરવાયોગ્ય) છે એમ કહ્યું છે.

મુજ જ્ઞાનમાં આત્મા ખરે, દર્શન-ચરિતમાં આતમા,
પચખાણમાં આત્મા જ, સંવર-યોગમાં પણ આતમા. ૧૦૦.

**અન્વયાર્થ :—**ખરેખર મારા જ્ઞાનમાં આત્મા છે, મારા દર્શનમાં

તથા ચારિત્રમાં આત્મા છે, મારા પ્રત્યાખ્યાનમાં આત્મા છે, મારા સંવરમાં તથા યોગમાં (-શુદ્ધોપયોગમાં) આત્મા છે. ॥૧૦૦॥

અહીં (-આ ગાથામાં), સંસારાવસ્થામાં અને મુક્તિમાં જીવ નિઃસહાય છે એમ કહ્યું છે.

જીવ એકલો જ મરે, સ્વયં જીવ એકલો જન્મે અરે !
જીવ એકનું નીપજે મરણ, જીવ એકલો સિદ્ધિ લહે. ૧૦૧.

**અન્વયાર્થ :—**જીવ એકલો મરે છે અને સ્વયં એકલો જન્મે છે; એકલાનું મરણ થાય છે અને એકલો રજ રહિત થયો થકો સિદ્ધ થાય છે. ॥૧૦૧॥

એકત્વભાવનારૂપે પરિણમેલા સમ્યગ્જ્ઞાનીના લક્ષણનું આ કથન છે.

મારો સુશાશ્વત એક દર્શનજ્ઞાનલક્ષણ જીવ છે;
બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે. ૧૦૨.

**અન્વયાર્થ :—**જ્ઞાનદર્શનલક્ષણવાળો શાશ્વત એક આત્મા મારો છે; બાકીના બધા સંયોગલક્ષણવાળા ભાવો મારાથી બાહ્ય છે. ॥૧૦૨॥

આત્મગત દોષોથી મુક્ત થવાના ઉપાયનું આ કથન છે.

જે કાંઈ પણ દુશ્ચરિત મુજ તે સર્વ હું ત્રિવિધે તજું;
કરું છું નિરાકાર જ સમસ્ત ચરિત્ર જે ત્રયવિધનું. ૧૦૩.

**અન્વયાર્થ :—**મારું જે કાંઈ પણ દુઃચારિત્ર તે સર્વને હું ત્રિવિધે (મન-વચન-કાયાથી) તજું છું અને ત્રિવિધ જે સામાયિક (-ચારિત્ર) તે સર્વને નિરાકાર (-નિર્વિકલ્પ) કરું છું. ॥૧૦૩॥

અહીં (આ ગાથામાં) અંતર્મુખ પરમ-તપોધનની ભાવશુદ્ધિનું કથન છે.

સૌ ભૂતમાં સમતા મને, કો સાથ વેર મને નહીં;
આશા ખરેખર છોડીને પ્રાપ્તિ કરું છું સમાધિની. ૧૦૪.

**અન્વયાર્થ :—**સર્વ જીવો પ્રત્યે મને સમતા છે, મારે કોઈ સાથે વેર નથી; ખરેખર આશાને છોડીને હું સમાધિને પ્રાપ્ત કરું છું. ।।૧૦૪।।

જે જીવ નિશ્ચયપ્રત્યાખ્યાનને યોગ્ય હોય એવા જીવના સ્વરૂપનું આ કથન છે.

અકષાય, ઉદ્યમી, દાન્ત છે, સંસારથી ભયભીત છે,
શૂરવીર છે, તે જીવને પચખાણ સુખમય હોય છે. ૧૦૫.

**અન્વયાર્થ :—**જે નિઃકષાય છે, દાન્ત છે, શૂરવીર છે, વ્યવસાયી (—શુદ્ધતા પ્રત્યે ઉદ્યમવંત) છે અને સંસારથી ભયભીત છે, તેને સુખમય પ્રત્યાખ્યાન (અર્થાત્ નિશ્ચય-પ્રત્યાખ્યાન) હોય છે. ।।૧૦૫।।

આ, નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકારના ઉપસંહારનું કથન છે.

જીવ-કર્મ કેરા ભેદનો અભ્યાસ જે નિત્યે કરે,
તે સંયમી પચખાણ-ધારણમાં અવશ્ય સમર્થ છે. ૧૦૬.

**અન્વયાર્થ :—**એ રીતે જે સદા જીવ અને કર્મના ભેદનો અભ્યાસ કરે છે, તે સંયત નિયમથી પ્રત્યાખ્યાન ધારણ કરવાને શક્તિમાન છે. ।।૧૦૬।।

આ રીતે, શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમનો નિશ્ચય-પ્રત્યાખ્યાન અધિકાર નામનો છટ્ઠો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

- ૭ -

# પરમ-આલોચના અધિકાર

હવે આલોચના અધિકાર કહેવામાં આવે છે.

આ, નિશ્ચય-આલોચનાના સ્વરૂપનું કથન છે.

તે શ્રમણને આલોચના, જે શ્રમણ ધ્યાવે આત્મને,
નોકર્મકર્મ-વિભાવગુણપર્યાયથી વ્યતિરિક્તને. ૧૦૭.

**અન્વયાર્થ :—**નોકર્મ ને કર્મથી રહિત તથા વિભાવગુણ-પર્યાયોથી વ્યતિરિક્ત આત્માને જે ધ્યાવે છે, તે શ્રમણને આલોચના છે. ॥૧૦૭॥

આ, આલોચનાના સ્વરૂપના ભેદોનું કથન છે.

આલોચનાનું રૂપ ચઉવિધ વર્ણવ્યું છે શાસ્ત્રમાં,
—આલોચના, આલુંછના, અવિકૃતિકરણ ને શુદ્ધતા. ૧૦૮.

**અન્વયાર્થ :—**હવે, આલોચનાનું સ્વરૂપ આલોચન, આલુંછન, અવિકૃતિકરણ અને ભાવશુદ્ધિ એમ ચાર પ્રકારનું શાસ્ત્રમાં કહ્યું છે. ॥૧૦૮॥

અહીં, આલોચનાના સ્વીકારમાત્રથી પરમસમતાભાવના કહેવામાં આવી છે.

સમભાવમાં પરિણામ સ્થાપી દેખતો જે આત્મને,
તે જીવ છે આલોચના—જિનવરવૃષભ-ઉપદેશ છે. ૧૦૯.

**અન્વયાર્થ :—**જે (જીવ) પરિણામને સમભાવમાં સ્થાપીને (નિજ) આત્માને દેખે છે, તે આલોચન છે. એમ પરમ જિનેંદ્રનો ઉપદેશ જાણ. ॥૧૦૯॥

આ પારમભાવનાના સ્વરૂપનું કથન છે.

છે કર્મતરુમૂલછેદનું સામર્થ્ય જે પરિણામમાં,
સ્વાધીન તે સમભાવ-નિજપરિણામ આલુંછન કહ્યા. ૧૧૦.

**અન્વયાર્થ :—**કર્મરૂપી વૃક્ષનું મૂળ છેદવામાં સમર્થ એવો જે સમભાવરૂપ સ્વાધીન નિજ પરિણામ તેને આલુંછન કહેલ છે. ।।૧૧૦।।

અહીં શુદ્ધોપયોગી જીવની પરિણતિવિશેષનું (ખાસ પરિણતિનું) કથન છે.

અવિકૃતિકરણ તેને કહ્યું જે ભાવતાં માધ્યસ્થને
ભાવે વિમળગુણધામ કર્મવિભક્ત આતમરામને. ૧૧૧.

**અન્વયાર્થ :—**જે મધ્યસ્થભાવનામાં કર્મથી ભિન્ન આત્માને—કે જે વિમળ ગુણોનું રહેઠાણ છે તેને—ભાવે છે, તે જીવને અવિકૃતિકરણ જાણવું. ।।૧૧૧।।

આ, ભાવશુદ્ધિનામક પરમ-આલોચનાના સ્વરૂપના પ્રતિપાદન દ્વારા શુદ્ધ-નિશ્ચય-આલોચના અધિકારના ઉપસંહારનું કથન છે.

ત્રણ લોક તેમ અલોકના દ્રષ્ટા કહે છે ભવ્યને
—મદમાનમાયાલોભવર્જિત ભાવ ભાવવિશુદ્ધિ છે. ૧૧૨.

**અન્વયાર્થ :—** મદ (મદન), માન, માયા અને લોભ રહિત ભાવ તે ભાવશુદ્ધિ છે એમ ભવ્યોને લોકાલોકના દ્રષ્ટાઓએ કહ્યું છે. ।।૧૧૨।।

આ રીતે, શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમનો પરમ-આલોચના અધિકાર નામનો સાતમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

## - ૮ -

# શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકાર

હવે સમસ્ત દ્રવ્યકર્મ, ભાવકર્મ તથા નોકર્મના સંન્યાસના હેતુભૂત શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકાર કહેવામાં આવે છે.

આ, નિશ્ચય-પ્રાયશ્ચિત્તના સ્વરૂપનું કથન છે.

વ્રત, સમિતિ, સંયમ, શીલ, ઇન્દ્રિયરોધરૂપ છે ભાવ જે
તે ભાવ પ્રાયશ્ચિત્ત છે, જે અનવરત કર્તવ્ય છે. ૧૧૩.

**અન્વયાર્થ :—**વ્રત, સમિતિ, શીલ ને સંયમરૂપ પરિણામ તથા ઇન્દ્રિયનિગ્રહરૂપ ભાવ તે પ્રાયશ્ચિત્ત છે અને તે નિરંતર કર્તવ્ય છે. ।।૧૧૩।।

અહીં (આ ગાથામાં) સકળ કર્મોને મૂળથી ઉખેડી નાખવામાં સમર્થ એવું નિશ્ચય-પ્રાયશ્ચિત્ત કહેવામાં આવ્યું છે.

ક્રોધાદિ નિજ ભાવો તણા ક્ષય આદિની જે ભાવના
ને આત્મગુણની ચિંતના નિશ્ચયથી પ્રાયશ્ચિત્તમાં. ૧૧૪.

**અન્વયાર્થ :—**ક્રોધ વગેરે સ્વકીય ભાવોના (–પોતાના વિભાવભાવોના) ક્ષયાદિકની ભાવનામાં રહેવું અને નિજ ગુણોનું ચિંતન કરવું તે નિશ્ચયથી પ્રાયશ્ચિત્ત કહ્યું છે. ।।૧૧૪।।

આ, ચાર કષાયો પર વિજય મેળવવાના ઉપાયના સ્વરૂપનું કથન છે.

જીતે ક્ષમાથી ક્રોધને, નિજ માર્દવેથી માનને,
આર્જવ થકી માયા ખરે, સંતોષ દ્વારા લોભને. ૧૧૫.

**અન્વયાર્થ :—**ક્રોધને ક્ષમાથી, માનને નિજ માર્દવથી, માયાને

આર્જવથી તથા લોભને સંતોષથી—એમ ચતુર્વિધ કષાયોને (યોગી) ખરેખર જીતે છે. ॥૧૧૫॥

અહીં, 'શુદ્ધ જ્ઞાનના સ્વીકારવાળાને પ્રાયશ્ચિત્ત છે' એમ કહ્યું છે.

ઉત્કૃષ્ટ નિજ અવબોધને વા જ્ઞાનને વા ચિત્તને
ધારણ કરે છે નિત્ય, પ્રાયશ્ચિત્ત છે તે સાધુને. ૧૧૬.

**અન્વયાર્થ :—**તે જ (અનંતધર્મવાળા) આત્માનો જે ઉત્કૃષ્ટ બોધ, જ્ઞાન અથવા ચિત્ત તેને જે મુનિ નિત્ય ધારણ કરે છે, તેને પ્રાયશ્ચિત્ત છે. ॥૧૧૬॥

અહીં એમ કહ્યું છે કે પરમ તપશ્ચરણમાં લીન પરમ જિનયોગીશ્વરોને નિશ્ચયપ્રાયશ્ચિત્ત છે; એ રીતે નિશ્ચયપ્રાયશ્ચિત્ત સમસ્ત આચરણોમાં પરમ આચરણ છે એમ કહ્યું છે.

બહુ કથન શું કરવું? અરે! સૌ જાણ પ્રાયશ્ચિત્ત તું,
નાનાકરમક્ષયહેતુ ઉત્તમ તપચરણ ઋષિરાજનું. ૧૧૭.

**અન્વયાર્થ :—**બહુ કહેવાથી શું? અનેક કર્મોના ક્ષયનો હેતુ એવું જે મહર્ષિઓનું ઉત્તમ તપશ્ચરણ તે બધું પ્રાયશ્ચિત્ત જાણ.॥૧૧૭॥

અહીં (આ ગાથામાં), પ્રસિદ્ધ શુદ્ધકારણપરમાત્મતત્ત્વમાં સદા અંતર્મુખ રહીને જે પ્રતપન તે તપ પ્રાયશ્ચિત્ત છે (અર્થાત્ શુદ્ધાત્મ-સ્વરૂપમાં લીન રહીને પ્રતપવું—પ્રતાપવંત વર્તવું તે તપ છે અને એ તપ પ્રાયશ્ચિત્ત છે) એમ કહ્યું છે.

રે! ભવ અનંતાનંતથી અર્જિત શુભાશુભ કર્મ જે
તે નાશ પામે તપ થકી; તપ તેથી પ્રાયશ્ચિત્ત છે. ૧૧૮.

**અન્વયાર્થ :—**અનંતાનંત ભવો વડે ઉપાર્જિત શુભાશુભ કર્મરાશિ તપશ્ચરણથી વિનાશ પામે છે; તેથી તપ પ્રાયશ્ચિત્ત છે. ॥૧૧૮॥

અહીં (આ ગાથામાં), નિજ આત્મા જેનો આશ્રય છે એવું નિશ્ચય-ધર્મધ્યાન જ સર્વ ભાવોનો અભાવ કરવાને સમર્થ છે એમ કહ્યું છે.

આત્મસ્વરૂપ અવલંબનારા ભાવથી સૌ ભાવને
ત્યાગી શકે છે જીવ, તેથી ધ્યાન તે સર્વસ્વ છે. ૧૧૯.

**અન્વયાર્થ :—** આત્મસ્વરૂપ જેનું આલંબન છે એવા ભાવથી જીવ સર્વભાવોનો પરિહાર કરી શકે છે, તેથી ધ્યાન તે સર્વસ્વ છે. ॥૧૧૯॥

આ, શુદ્ધનિશ્ચયનિયમના સ્વરૂપનું કથન છે.

છોડી શુભાશુભ વચનને, રાગાદિભાવ નિવારીને,
જે જીવ ધ્યાવે આત્મને, તેને નિયમથી નિયમ છે. ૧૨૦.

**અન્વયાર્થ :—**શુભાશુભ વચનરચનાનું અને રાગાદિભાવોનું નિવારણ કરીને જે આત્માને ધ્યાવે છે, તેને નિયમથી (–નિશ્ચિતપણે) નિયમ છે. ॥૧૨૦॥

આ, નિશ્ચયકાયોત્સર્ગના સ્વરૂપનું કથન છે.

કાયાદિ પરદ્રવ્યો વિષે સ્થિરભાવ છોડી આત્મને
ધ્યાવે વિકલ્પવિમુક્ત, કાયોત્સર્ગ છે તે જીવને. ૧૨૧.

**અન્વયાર્થ :—**કાયાદિ પરદ્રવ્યમાં સ્થિરભાવ છોડીને જે આત્માને નિર્વિકલ્પપણે ધ્યાવે છે, તેને કાયોત્સર્ગ છે. ॥૧૨૧॥

આ રીતે, શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમનો **શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકાર** નામનો આઠમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

## - ૯ -

# પરમ-સમાધિ અધિકાર

હવે સમસ્ત મોહરાગદ્વેષાદિ પરભાવોના વિધ્વંસના હેતુભૂત પરમ-સમાધિ અધિકાર કહેવામાં આવે છે.

આ, પરમ સમાધિના સ્વરૂપનું કથન છે.

વચનોચ્ચરણક્રિયા તજી, વીતરાગ નિજ પરિણામથી
ધ્યાવે નિજાત્મા જેહ, પરમ સમાધિ તેને જાણવી. ૧૨૨.

**અન્વયાર્થઃ—**વચનોચ્ચારણની ક્રિયા પરિત્યાગીને વીતરાગ ભાવથી જે આત્માને ધ્યાવે છે, તેને પરમ સમાધિ છે. ॥૧૨૨॥

અહીં (આ ગાથામાં) સમાધિનું લક્ષણ (અર્થાત્ સ્વરૂપ) કહ્યું છે.

સંયમ, નિયમ ને તપ થકી, વળી ધર્મ-શુક્લધ્યાનથી,
ધ્યાવે નિજાત્મા જેહ, પરમ સમાધિ તેને જાણવી. ૧૨૩.

**અન્વયાર્થઃ—** સંયમ, નિયમ ને તપથી તથા ધર્મધ્યાન ને શુક્લધ્યાનથી જે આત્માને ધ્યાવે છે, તેને પરમ સમાધિ છે. ॥૧૨૩॥

અહીં (આ ગાથામાં), સમતા વિના દ્રવ્યલિંગધારી શ્રમણાભાસને કિંચિત્ પરલોકનું કારણ નથી (અર્થાત્ જરાય મોક્ષનું સાધન નથી) એમ કહ્યું છે.

વનવાસ વા તનક્લેશરૂપ ઉપવાસ વિધવિધ શું કરે?
રે! મૌન વા પઠનાદિ શું કરે સામ્યવિરહિત શ્રમણને? ૧૨૪.

**અન્વયાર્થઃ—**વનવાસ, કાયક્લેશરૂપ અનેક પ્રકારના ઉપવાસ, અધ્યયન, મૌન વગેરે (કાર્યો) સમતારહિત શ્રમણને શું કરે છે (—શો લાભ કરે છે)? ॥૧૨૪॥

અહીં (આ ગાથામાં), જે સર્વ સાવદ્ય વ્યાપારથી રહિત છે, જે ત્રિગુપ્તિ વડે ગુપ્ત છે અને જે સમસ્ત ઇન્દ્રિયોના વ્યાપારથી વિમુખ છે, તે મુનિને સામાયિકવ્રત સ્થાયી છે એમ કહ્યું છે.

સાવદ્યવિરત, ત્રિગુપ્ત છે, ઇન્દ્રિયસમૂહ નિરુદ્ધ છે,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૫.

**અન્વયાર્થઃ**—જે સર્વ સાવદ્યમાં વિરત છે, જે ત્રણ ગુપ્તિવાળો છે અને જેણે ઇન્દ્રિયોને બંધ (નિરુદ્ધ) કરી છે, તેને સામાયિક સ્થાયી છે એમ કેવળીના શાસનમાં કહ્યું છે. ।।૧૨૫।।

અહીં, પરમ માધ્યસ્થભાવ વગેરેમાં આરૂઢ થઈને રહેલા પરમમુમુક્ષુનું સ્વરૂપ કહ્યું છે.

સ્થાવર અને ત્રસ સર્વ ભૂતસમૂહમાં સમભાવ છે,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૬.

**અન્વયાર્થઃ**—જે સ્થાવર કે ત્રસ સર્વ જીવો પ્રત્યે સમભાવવાળો છે, તેને સામાયિક સ્થાયી છે એમ કેવળીના શાસનમાં કહ્યું છે. ।।૧૨૬।।

અહીં (આ ગાથામાં) પણ આત્મા જ ઉપાદેય છે એમ કહ્યું છે.

સંયમ, નિયમ ને તપ વિષે આત્મા સમીપ છે જેહને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૭.

**અન્વયાર્થઃ**—જેને સંયમમાં, નિયમમાં અને તપમાં આત્મા સમીપ છે, તેને સામાયિક સ્થાયી છે એમ કેવળીના શાસનમાં કહ્યું છે. ।।૧૨૭।।

અહીં, રાગદ્વેષના અભાવથી અપરિસ્પંદરૂપતા હોય છે એમ કહ્યું છે.

નહિ રાગ અથવા દ્વેષરૂપ વિકાર જન્મે જેહને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૮.

**અન્વયાર્થઃ**—જેને રાગ કે દ્વેષ (નહિ ઊપજતો થકો) વિકૃતિ ઉત્પન્ન કરતો નથી, તેને સામાયિક સ્થાયી છે એમ કેવળીના શાસનમાં કહ્યું છે. ।।૧૨૮।।

આ, આર્ત અને રૌદ્ર ધ્યાનના પરિત્યાગ દ્વારા સનાતન (શાશ્વત) સામાયિકવ્રતના સ્વરૂપનું કથન છે.

જે નિત્ય વર્જે આર્ત તેમ જ રૌદ્ર બન્ને ધ્યાનને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૯.

**અન્વયાર્થઃ**—જે આર્ત અને રૌદ્ર ધ્યાનને નિત્ય વર્જે છે, તેને સામાયિક સ્થાયી છે એમ કેવળીના શાસનમાં કહ્યું છે. ।।૧૨૯।।

આ, શુભાશુભ પરિણામથી ઊપજતાં સુકૃતદુષ્કૃતરૂપ કર્મના સંન્યાસની વિધિનું (-શુભાશુભ કર્મના ત્યાગની રીતનું) કથન છે.

જે નિત્ય વર્જે પુણ્ય તેમ જ પાપ બન્ને ભાવને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૦.

**અન્વયાર્થઃ**— જે પુણ્ય તથા પાપરૂપ ભાવને નિત્ય વર્જે છે, તેને સામાયિક સ્થાયી છે એમ કેવળીના શાસનમાં કહ્યું છે. ।।૧૩૦।।

આ, નવ નોકષાયના વિજય વડે પ્રાપ્ત થતા સામાયિકચારિત્રના સ્વરૂપનું કથન છે.

જે નિત્ય વર્જે હાસ્યને, રતિ અરતિ તેમ જ શોકને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૧.

જે નિત્ય વર્જે ભય જુગુપ્સા, વર્જતો સૌ વેદને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૨.

**અન્વયાર્થઃ**—જે હાસ્ય, રતિ, શોક અને અરતિને નિત્ય વર્જે છે, તેને સામાયિક સ્થાયી છે એમ કેવળીના શાસનમાં કહ્યું છે. ।।૧૩૧।।

જે જુગુપ્સા, ભય અને સર્વ વેદને નિત્ય વર્જે છે, તેને સામાયિક સ્થાયી છે એમ કેવળીના શાસનમાં કહ્યું છે. ।।૧૩૨।।

આ, પરમ-સમાધિ અધિકારના ઉપસંહારનું કથન છે.

**જે નિત્ય ધ્યાવે ધર્મ તેમ જ શુકલ ઉત્તમ ધ્યાનને,**
**સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૩.**

**અન્વયાર્થઃ**—જે ધર્મધ્યાન અને શુક્લધ્યાનને નિત્ય ધ્યાવે છે, તેને સામાયિક સ્થાયિ છે એમ કેવળીના શાસનમાં કહ્યું છે. ।।૧૩૩।।

આ રીતે, શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમનો પરમ-સમાધિ અધિકાર નામનો નવમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

સહજ ચિદાનંદ.

# - ૧૦ -

# પરમ-ભક્તિ અધિકાર

હવે ભક્તિ અધિકાર કહેવામાં આવે છે.

આ, રત્નત્રયના સ્વરૂપનું કથન છે.

શ્રાવક શ્રમણ સમ્યક્ત્વ-જ્ઞાન-ચરિત્રની ભક્તિ કરે,
નિર્વાણની છે ભક્તિ તેને એમ જિનદેવો કહે. ૧૩૪.

**અન્વયાર્થઃ**—જે શ્રાવક અથવા શ્રમણ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની ભક્તિ કરે છે, તેને નિર્વૃતિભક્તિ (નિર્વાણની ભક્તિ) છે એમ જિનોએ કહ્યું છે. ॥૧૩૪॥

આ, વ્યવહારનયપ્રધાન સિદ્ધભક્તિના સ્વરૂપનું કથન છે.

વળી મોક્ષગત પુરુષો તણો ગુણભેદ જાણી તેમની
જે પરમ ભક્તિ કરે, કહી શિવભક્તિ ત્યાં વ્યવહારથી. ૧૩૫.

**અન્વયાર્થઃ**—જે જીવ મોક્ષગત પુરુષોનો ગુણભેદ જાણીને તેમની પણ પરમ ભક્તિ કરે છે, તે જીવને વ્યવહારનયે નિર્વાણભક્તિ કહી છે. ॥૧૩૫॥

આ, નિજ પરમાત્માની ભક્તિના સ્વરૂપનું કથન છે.

શિવપંથ સ્થાપી આત્મને નિર્વાણની ભક્તિ કરે,
તે કારણે અસહાયગુણ નિજ આત્મને આત્મા વરે. ૧૩૬.

**અન્વયાર્થઃ**—મોક્ષમાર્ગમાં (પોતાના) આત્માને સમ્યક્ પ્રકારે સ્થાપીને નિર્વૃતિની (નિર્વાણની) ભક્તિ કરે છે, તેથી જીવ અસહાય-ગુણવાળા નિજ આત્માને પ્રાપ્ત કરે છે. ॥૧૩૬॥

આ, નિશ્ચયયોગભક્તિના સ્વરૂપનું કથન છે.

રાગાદિના પરિહારમાં જે સાધુ જોડે આત્મને,
છે યોગભક્તિ તેહને; કઈ રીત સંભવ અન્યને? ૧૩૭.

**અન્વયાર્થઃ—** જે સાધુ રાગાદિના પરિહારમાં આત્માને જોડે છે (અર્થાત્ આત્મામાં આત્માને જોડીને રાગ વગેરેનો ત્યાગ કરે છે), તે યોગભક્તિયુક્ત (યોગની ભક્તિવાળો) છે; બીજાને યોગ કઈ રીતે હોય? ॥૧૩૭॥

અહીં પણ પૂર્વ સૂત્રની માફક નિશ્ચય-યોગભક્તિનું સ્વરૂપ કહ્યું છે.

સઘળા વિકલ્પ અભાવમાં જે સાધુ જોડે આત્મને,
છે યોગભક્તિ તેહને; કઈ રીત સંભવ અન્યને? ૧૩૮.

**અન્વયાર્થઃ—**જે સાધુ સર્વ વિકલ્પોના અભાવમાં આત્માને જોડે છે (અર્થાત્ આત્મામાં આત્માને જોડીને સર્વ વિકલ્પોનો અભાવ કરે છે), તે યોગભક્તિવાળો છે; બીજાને યોગ કઈ રીતે હોય? ॥૧૩૮॥

અહીં, સમસ્ત ગુણોના ધરનારા ગણધરદેવ વગેરે જિનમુનિનાથોએ કહેલાં તત્ત્વોમાં વિપરીત અભિનિવેશ રહિત આત્મભાવ તે જ નિશ્ચય-પરમયોગ છે એમ કહ્યું છે.

વિપરીત આગ્રહ છોડીને, જૈનાભિહિત તત્ત્વો વિષે
જે જીવ જોડે આત્મને, નિજ ભાવ તેનો યોગ છે. ૧૩૯.

**અન્વયાર્થઃ—**વિપરીત અભિનિવેશનો પરિત્યાગ કરીને જે જૈનકથિત તત્ત્વોમાં આત્માને જોડે છે, તેનો નિજ ભાવ તે યોગ છે. ॥૧૩૯॥

આ, ભક્તિ અધિકારના ઉપસંહારનું કથન છે.

**વૃષભાદિ જિનવર એ રીતે કરી શ્રેષ્ઠ ભક્તિ યોગની,**
**શિવસૌખ્ય પામ્યા; તેથી કર તું ભક્તિ ઉત્તમ યોગની. ૧૪૦.**

**અન્વયાર્થ :—**વૃષભાદિ જિનવરેન્દ્રો એ રીતે યોગની ઉત્તમ ભક્તિ કરીને નિર્વૃતિસુખને પામ્યા; તેથી યોગની ઉત્તમ ભક્તિને તું ધારણ કર. ॥૧૪૦॥

આ રીતે, શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમનો **પરમ-ભક્તિ અધિકાર** નામનો દશમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

સહજ ચિદાનંદ.

# - ૧૧ -

# નિશ્ચય-પરમાવશ્યક અધિકાર

હવે વ્યવહાર છ આવશ્યકોથી પ્રતિપક્ષ શુદ્ધનિશ્ચયનો (શુદ્ધનિશ્ચય-આવશ્યકનો) અધિકાર કહેવામાં આવે છે.

અહીં (આ ગાથામાં), નિરંતર સ્વવશને નિશ્ચય-આવશ્યક-કર્મ છે એમ કહ્યું છે.

નથી અન્યવશ જે જીવ, આવશ્યક કરમ છે તેહને;
આ કર્મનાશનયોગને નિર્વાણમાર્ગ કહેલ છે. ૧૪૧.

**અન્વયાર્થ:**—જે અન્યવશ નથી (અર્થાત્ જે જીવ અન્યને વશ નથી) તેને આવશ્યક કર્મ કહે છે (અર્થાત્ તે જીવને આવશ્યક કર્મ છે એમ પરમ યોગીશ્વરો કહે છે). કર્મનો વિનાશ કરનારો યોગ (—એવું જે આ આવશ્યક કર્મ) તે નિર્વાણનો માર્ગ છે એમ કહ્યું છે. ॥૧૪૧॥

અહીં, અવશ પરમજિનયોગીશ્વરને પરમ આવશ્યક કર્મ જરૂર છે એમ કહ્યું છે.

વશ જે નહીં તે 'અવશ', 'આવશ્યક' અવશનું કર્મ છે;
તે યુક્તિ અગર ઉપાય છે, અશરીર તેથી થાય છે. ૧૪૨.

**અન્વયાર્થ:**—જે (અન્યને) વશ નથી તે 'અવશ' છે અને અવશનું કર્મ તે 'આવશ્યક' છે એમ જાણવું; તે (અશરીર થવાની) યુક્તિ છે, તે (અશરીર થવાનો) ઉપાય છે, તેનાથી જીવ નિરવયવ (અર્થાત્ અશરીર) થાય છે. આમ નિરુક્તિ છે. ॥૧૪૨॥

અહીં, ભેદોપચાર-રત્નત્રયપરિણતિવાળા જીવને અવશપણું નથી એમ કહ્યું છે.

વર્તે અશુભ પરિણામમાં, તે શ્રમણ છે વશ અન્યને;
તે કારણે આવશ્યકાત્મક કર્મ છે નહિ તેહને. ૧૪૩.

**અન્વયાર્થઃ**—જે અશુભ ભાવ સહિત વર્તે છે, તે શ્રમણ અન્યવશ છે; તેથી તેને આવશ્યકસ્વરૂપ કર્મ નથી. ॥૧૪૩॥

અહીં પણ (આ ગાથામાં પણ), અન્યવશ એવા અશુદ્ધ-અંતરાત્મજીવનું લક્ષણ કહ્યું છે.

સંયત રહી શુભમાં ચરે, તે શ્રમણ છે વશ અન્યને;
તે કારણે આવશ્યકાત્મક કર્મ છે નહિ તેહને. ૧૪૪.

**અન્વયાર્થઃ**—જે (જીવ) સંયત રહેતો થકો ખરેખર શુભ ભાવમાં ચરે—પ્રવર્તે છે, તે અન્યવશ છે; તેથી તેને આવશ્યકસ્વરૂપ કર્મ નથી. ॥૧૪૪॥

અહીં પણ અન્યવશનું સ્વરૂપ કહ્યું છે.

જે ચિત્ત જોડે દ્રવ્ય-ગુણ-પર્યાયની ચિંતા વિષે,
તેનેય મોહવિહીન શ્રમણો અન્યવશ ભાખે અરે! ૧૪૫.

**અન્વયાર્થઃ**—જે દ્રવ્ય-ગુણ-પર્યાયોમાં (અર્થાત્ તેમના વિકલ્પોમાં) મન જોડે છે, તે પણ અન્યવશ છે; મોહાન્ધકાર રહિત શ્રમણો આમ કહે છે. ॥૧૪૫॥

અહીં ખરેખર સાક્ષાત્ સ્વવશ પરમજિનયોગીશ્વરનું સ્વરૂપ કહ્યું છે.

પરભાવ છોડી, આત્મને ધ્યાવે વિશુદ્ધસ્વભાવને,
છે આત્મવશ તે સાધુ, આવશ્યક કરમ છે તેહને. ૧૪૬.

**અન્વયાર્થઃ**—જે પરભાવને પરિત્યાગીને નિર્મળ સ્વભાવવાળા આત્માને ધ્યાવે છે, તે ખરેખર આત્મવશ છે અને તેને આવશ્યક કર્મ (જિનો) કહે છે. ॥૧૪૬॥

આ, શુદ્ધનિશ્ચય-આવશ્યકની પ્રાપ્તિનો જે ઉપાય તેના સ્વરૂપનું કથન છે.

આવશ્યકાર્થે તું નિજાત્મસ્વભાવમાં સ્થિરતા કરે;
તેનાથી સામાયિક તણો ગુણ પૂર્ણ થાયે જીવને. ૧૪૭.

**અન્વયાર્થઃ**—જો તું આવશ્યકને ઇચ્છે છે તો તું આત્મસ્વભાવોમાં સ્થિરભાવ કરે છે; તેનાથી જીવને સામાયિકગુણ સંપૂર્ણ થાય છે. ॥૧૪૭॥

અહીં (આ ગાથામાં) શુદ્ધોપયોગસંમુખ જીવને શિખામણ કહી છે.

આવશ્યકે વિરહિત શ્રમણ ચારિત્રથી પ્રભ્રષ્ટ છે;
તેથી યથોક્ત પ્રકાર આવશ્યક કરમ કર્તવ્ય છે. ૧૪૮.

**અન્વયાર્થઃ**—આવશ્યક રહિત શ્રમણ ચરણથી પ્રભ્રષ્ટ (અતિ ભ્રષ્ટ) છે; અને તેથી પૂર્વોક્ત ક્રમથી (પૂર્વે કહેલી વિધિથી) આવશ્યક કરવું. ॥૧૪૮॥

અહીં, આવશ્યક કર્મના અભાવમાં તપોધન બહિરાત્મા હોય છે એમ કહ્યું છે.

આવશ્યકે સંયુક્ત યોગી અંતરાત્મા જાણવો;
આવશ્યકે વિરહિત શ્રમણ બહિરંગ આત્મા જાણવો. ૧૪૯.

**અન્વયાર્થઃ**—આવશ્યક સહિત શ્રમણ તે અંતરાત્મા છે; આવશ્યક રહિત શ્રમણ તે બહિરાત્મા છે. ॥૧૪૯॥

આ, બાહ્ય તથા અંતર જલ્પનો નિરાસ (નિરાકરણ, ખંડન) છે.

જે બાહ્ય-અંતર જલ્પમાં વર્તે, અરે! બહિરાત્મ છે;
જલ્પો વિષે વર્તે નહીં, તે અંતરાત્મા જીવ છે. ૧૫૦.

**અન્વયાર્થ**:—જે અંતર્બાહ્ય જલ્પમાં વર્તે છે, તે બહિરાત્મા છે; જે જલ્પોમાં વર્તતો નથી, તે અંતરાત્મા કહેવાય છે. ૧૫૦

અહીં (આ ગાથામાં), સ્વાત્માશ્રિત નિશ્ચય-ધર્મધ્યાન અને નિશ્ચય-શુક્લધ્યાન એ બે ધ્યાનો જ ઉપાદેય છે એમ કહ્યું છે.

વળી ધર્મશુક્લધ્યાનપરિણત અંતરાત્મા જાણજે;
ને ધ્યાનવિરહિત શ્રમણને બહિરંગ આત્મા જાણજે. ૧૫૧.

**અન્વયાર્થ** :—જે ધર્મધ્યાન અને શુક્લધ્યાનમાં પરિણત છે તે પણ અંતરાત્મા છે; ધ્યાનવિહીન શ્રમણ બહિરાત્મા છે એમ જાણ. ૧૫૧

અહીં પરમ વીતરાગ ચારિત્રમાં સ્થિત પરમ તપોધનનું સ્વરૂપ કહ્યું છે.

પ્રતિક્રમણ આદિ ક્રિયા—ચરણ નિશ્ચય તણું—કરતો રહે,
તેથી શ્રમણ તે વીતરાગ ચરિત્રમાં આરૂઢ છે. ૧૫૨.

**અન્વયાર્થ** :—પ્રતિક્રમણાદિ ક્રિયાને—નિશ્ચયના ચારિત્રને—(નિરંતર) કરતો રહે છે તેથી તે શ્રમણ વીતરાગ ચારિત્રમાં આરૂઢ છે. ૧૫૨

આ, સમસ્ત વચનસંબંધી વ્યાપારનો નિરાસ (નિરાકરણ, ખંડન) છે.

રે! વચનમય પ્રતિક્રમણ, નિયમો, વચનમય પચખાણ જે,
જે વચનમય આલોચના, સઘળુંય તે સ્વાધ્યાય છે. ૧૫૩.

**અન્વયાર્થ** :—વચનમય પ્રતિક્રમણ, વચનમય પ્રત્યાખ્યાન, (વચનમય) નિયમ અને વચનમય આલોચના—એ બધું (પ્રશસ્ત અધ્યવસાયરૂપ) સ્વાધ્યાય જાણ. ૧૫૩

અહીં, શુદ્ધનિશ્ચયધર્મધ્યાનસ્વરૂપ પ્રતિક્રમણ વગેરે જ કરવાયોગ્ય છે એમ કહ્યું છે.

કરી જો શકે, પ્રતિક્રમણ આદિ ધ્યાનમય કરજે અહો!
કર્તવ્ય છે શ્રદ્ધા જ, શક્તિવિહીન જો તું હોય તો. ૧૫૪.

**અન્વયાર્થ :—**જો કરી શકાય તો અહો! ધ્યાનમય પ્રતિક્રમણાદિ કર; જો તુ શક્તિવિહીન હોય તો ત્યાં સુધી શ્રદ્ધાન જ કર્તવ્ય છે. ॥૧૫૪॥

અહીં સાક્ષાત્ અંતર્મુખ પરમજિનયોગીને આ શિખામણ દેવામાં આવી છે.

પ્રતિક્રમણ-આદિ સ્પષ્ટ પરખી જિન-પરમસૂત્રો વિષે,
મુનિએ નિરંતર મૌનવ્રત સહ સાધવું નિજ કાર્યને. ૧૫૫.

**અન્વયાર્થ :—**જિનકથિત પરમ સૂત્રને વિષે પ્રતિક્રમણાદિકની સ્પષ્ટ પરીક્ષા કરીને મૌનવ્રત સહિત યોગીએ નિજ કાર્યને નિત્ય સાધવું. ॥૧૫૫॥

આ, વચનસંબંધી વ્યાપારની નિવૃત્તિના હેતુનું કથન છે (અર્થાત્ વચનવિવાદ શા માટે છોડવાયોગ્ય છે તેનું કારણ અહીં કહ્યું છે).

છે જીવ વિધવિધ, કર્મ વિધવિધ, લબ્ધિ છે વિધવિધ અરે!
તે કારણે નિજપરસમય સહ વાદ પરિહર્તવ્ય છે. ૧૫૬.

**અન્વયાર્થ :—**નાના પ્રકારના જીવો છે, નાના પ્રકારનું કર્મ છે, નાના પ્રકારની લબ્ધિ છે; તેથી સ્વસમયો અને પરસમયો સાથે (સ્વધર્મીઓ અને પરધર્મીઓ સાથે) વચનવિવાદ વર્જવાયોગ્ય છે. ॥૧૫૬॥

અહીં દૃષ્ટાંત દ્વારા સહજ તત્ત્વની આરાધનાનો વિધિ કહ્યો છે.

નિધિ પામીને જન કોઈ નિજ વતને રહી ફળ ભોગવે,
ત્યમ જ્ઞાની પરજનસંગ છોડી જ્ઞાનનિધિને ભોગવે. ૧૫૭.

**અન્વયાર્થ :**—જેમ કોઈ એક (દરિદ્ર માણસ) નિધિને પામીને પોતાના વતનમાં (ગુપ્તપણે) રહી તેના ફળને ભોગવે છે, તેમ જ્ઞાની પરજનોના સમૂહને છોડીને જ્ઞાનનિધિને ભોગવે છે. ॥૧૫૭॥

આ, પરમાવશ્યક અધિકારના ઉપસંહારનું કથન છે.

સર્વે પુરાણ જનો અહો એ રીત આવશ્યક કરી,
અપ્રમત્ત આદિ સ્થાનને પામી થયા પ્રભુ કેવળી. ૧૫૮.

**અન્વયાર્થ :**—સર્વે પુરાણ પુરુષો એ રીતે આવશ્યક કરીને, અપ્રમત્તાદિ સ્થાનને પ્રાપ્ત કરી કેવળી થયા. ॥૧૫૮॥

આ રીતે, શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમનો નિશ્ચય-પરમાવશ્યક અધિકાર નામનો અગિયારમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

## - ૧૨ -

# શુદ્ધોપયોગ અધિકાર

હવે સમસ્ત કર્મના પ્રલયના હેતુભૂત શુદ્ધોપયોગનો અધિકાર કહેવામાં આવે છે.

અહીં, જ્ઞાનીને સ્વ-પર સ્વરૂપનું પ્રકાશકપણું કથંચિત્ કહ્યું છે.

જાણે અને દેખે બધું પ્રભુ કેવળી વ્યવહારથી;
જાણે અને દેખે સ્વને પ્રભુ કેવળી નિશ્ચય થકી. ૧૫૯.

**અન્વયાર્થ :**—વ્યવહારનયથી કેવળી ભગવાન બધું જાણે છે અને દેખે છે; નિશ્ચયથી કેવળજ્ઞાની આત્માને (પોતાને) જાણે છે અને દેખે છે. ।।૧૫૯।।

અહીં ખરેખર કેવળજ્ઞાન અને કેવળદર્શનનું યુગપદ્ વર્તવાપણું દૃષ્ટાંત દ્વારા કહ્યું છે.

જે રીત તાપ-પ્રકાશ વર્તે યુગપદે આદિત્યને,
તે રીત દર્શન-જ્ઞાન યુગપદ હોય કેવળજ્ઞાનીને. ૧૬૦.

**અન્વયાર્થ :**—કેવળજ્ઞાનીને જ્ઞાન તેમ જ દર્શન યુગપદ્ વર્તે છે. સૂર્યના પ્રકાશ ને તાપ જેવી રીતે (યુગપદ્) વર્તે છે તેવી રીતે જાણવું. ।।૧૬૦।।

આ, આત્માના સ્વપરપ્રકાશકપણા સંબંધી વિરોધકથન છે.

દર્શન પ્રકાશક આત્મનું, પરનું પ્રકાશક જ્ઞાન છે,
નિજપરપ્રકાશક જીવ,—એ તુજ માન્યતા અયથાર્થ છે. ૧૬૧.

**અન્વયાર્થ :**—જ્ઞાન પરપ્રકાશક જ છે અને દર્શન સ્વપ્રકાશક

જ છે તથા આત્મા સ્વપરપ્રકાશક છે એમ જો ખરેખર તું માનતો હોય તો તેમાં વિરોધ આવે છે. ।।૧૬૧।।

આ, પૂર્વ સૂત્રમાં (૧૬૧મી ગાથામાં) કહેલા પૂર્વપક્ષના સિદ્ધાંત સંબંધી કથન છે.

પરને જ જાણે જ્ઞાન તો દ્રગ જ્ઞાનથી ભિન્ન જ ઠરે,
દર્શન નથી પરદ્રવ્યગત—એ માન્યતા તુજ હોઈને. ૧૬૨.

**અન્વયાર્થ** :—જો જ્ઞાન (કેવળ) પરપ્રકાશક હોય તો જ્ઞાનથી દર્શન ભિન્ન ઠરે, કારણ કે દર્શન પરદ્રવ્યગત (પરપ્રકાશક) નથી એમ (પૂર્વ સૂત્રમાં તારું મન્તવ્ય) વર્ણવવામાં આવ્યું છે. ।।૧૬૨।।

આ, એકાંતે આત્માને પરપ્રકાશકપણું હોવાની વાતનું ખંડન છે.

પરને જ જાણે જીવ તો દ્રગ જીવથી ભિન્ન જ ઠરે,
દર્શન નથી પરદ્રવ્યગત—એ માન્યતા તુજ હોઈને. ૧૬૩.

**અન્વયાર્થ** :—જો આત્મા (કેવળ) પરપ્રકાશક હોય તો આત્માથી દર્શન ભિન્ન ઠરે, કારણ કે દર્શન પરદ્રવ્યગત (પરપ્રકાશક) નથી એમ (પૂર્વે તારું મન્તવ્ય) વર્ણવવામાં આવ્યું છે. ।।૧૬૩।।

આ, વ્યવહારનયનું સફળપણું દર્શાવનારું કથન છે.

વ્યવહારથી છે પરપ્રકાશક જ્ઞાન, તેથી દ્રષ્ટિ છે;
વ્યવહારથી છે પરપ્રકાશક જીવ, તેથી દ્રષ્ટિ છે. ૧૬૪.

**અન્વયાર્થ** :—વ્યવહારનયથી જ્ઞાન પરપ્રકાશક છે; તેથી દર્શન પરપ્રકાશક છે. વ્યવહારનયથી આત્મા પરપ્રકાશક છે; તેથી દર્શન પરપ્રકાશક છે. ।।૧૬૪।।

આ, નિશ્ચયનયથી સ્વરૂપનું કથન છે.

નિશ્ચયનયે છે નિજપ્રકાશક જ્ઞાન, તેથી દૃષ્ટિ છે;
નિશ્ચયનયે છે નિજપ્રકાશક જીવ, તેથી દૃષ્ટિ છે. ૧૬૫.

**અન્વયાર્થ** :—નિશ્ચયનયથી જ્ઞાન સ્વપ્રકાશક છે; તેથી દર્શન સ્વપ્રકાશક છે. નિશ્ચયનયથી આત્મા સ્વપ્રકાશક છે; તેથી દર્શન સ્વપ્રકાશક છે. ાા૧૬૫ાા

આ, શુદ્ધનિશ્ચયનયની વિવક્ષાથી પરદર્શનનું (પરને દેખવાનું) ખંડન છે.

પ્રભુ કેવળી દેખે નિજાત્માને, ન લોકાલોકને,
—જો કોઈ ભાખે એમ તો તેમાં કહો શો દોષ છે? ૧૬૬.

**અન્વયાર્થ** :—(નિશ્ચયથી) કેવળી ભગવાન આત્મસ્વરૂપને દેખે છે, લોકાલોકને નહિ—એમ જો કોઈ કહે તો તેને શો દોષ છે? (અર્થાત્ કાંઈ દોષ નથી.)ાા૧૬૬ાા

આ, કેવળજ્ઞાનના સ્વરૂપનું કથન છે.

મૂર્તિક-અમૂર્તિક ચેતનાચેતન સ્વપર સૌ દ્રવ્યને
જે દેખતો તેને અતીંદ્રિય જ્ઞાન છે, પ્રત્યક્ષ છે. ૧૬૭.

**અન્વયાર્થ** :—મૂર્ત-અમૂર્ત ચેતન-અચેતન દ્રવ્યોને—સ્વને તેમ જ સમસ્તને દેખનારનું (જાણનારનું) જ્ઞાન અતીંદ્રિય છે, પ્રત્યક્ષ છે. ાા૧૬૭ાા

અહીં, કેવળદર્શનના અભાવે (અર્થાત્ પ્રત્યક્ષ દર્શનના અભાવમાં) સર્વજ્ઞપણું હોતું નથી એમ કહ્યું છે.

વિધવિધ ગુણો ને પર્યયો સંયુક્ત દ્રવ્ય સમસ્તને
દેખે ન જે સમ્યક્ પ્રકાર, પરોક્ષ દૃષ્ટિ તેહને. ૧૬૮.

**અન્વયાર્થ** :—વિધવિધ ગુણો અને પર્યાયોથી સંયુક્ત પૂર્વોક્ત

સમસ્ત દ્રવ્યોને જે સમ્યક્ પ્રકારે (બરાબર) દેખતો નથી, તેને પરોક્ષ દર્શન છે. ॥૧૬૮॥

આ, વ્યવહારનયની પ્રગટતાથી કથન છે.

પ્રભુ કેવળી જાણે ત્રિલોક-અલોકને, નહિ આત્મને,
—જો કોઈ ભાખે એમ તો તેમાં કહો શો દોષ છે? ૧૬૯.

**અન્વયાર્થ :**—(વ્યવહારથી) કેવળી ભગવાન લોકાલોકને જાણે છે, આત્માને નહિ—એમ જો કોઈ કહે તો તેને શો દોષ છે? (અર્થાત્ કાંઈ દોષ નથી.)॥૧૬૯॥

અહીં (આ ગાથામાં) 'જીવ જ્ઞાનસ્વરૂપ છે' એમ વિતર્કથી (દલીલથી) કહ્યું છે.

છે જ્ઞાન જીવસ્વરૂપ, તેથી જીવ જાણે જીવને;
જીવને ન જાણે જ્ઞાન તો એ જીવથી જુદું ઠરે! ૧૭૦.

**અન્વયાર્થ :**—જ્ઞાન જીવનું સ્વરૂપ છે, તેથી આત્મા આત્માને જાણે છે; જો જ્ઞાન આત્માને ન જાણે તો આત્માથી વ્યતિરિક્ત (જુદું) ઠરે! ॥૧૭૦॥

આ, ગુણ-ગુણીમાં ભેદનો અભાવ હોવારૂપ સ્વરૂપનું કથન છે.

રે! જીવ છે તે જ્ઞાન છે, ને જ્ઞાન છે તે જીવ છે;
તે કારણે નિજપરપ્રકાશક જ્ઞાન તેમ જ દૃષ્ટિ છે. ૧૭૧.

**અન્વયાર્થ :**—આત્માને જ્ઞાન જાણ, અને જ્ઞાન આત્મા છે એમ જાણ;—આમાં સંદેહ નથી. તેથી જ્ઞાન તેમ જ દર્શન સ્વપરપ્રકાશક છે. ॥૧૭૧॥

અહીં, સર્વજ્ઞ વીતરાગને વાંછાનો અભાવ હોય છે એમ કહ્યું છે.

જાણે અને દેખે છતાં ઈચ્છા ન કેવળીજિનને;
ને તેથી 'કેવળજ્ઞાની' તેમ 'અબંધ' ભાખ્યા તેમને. ૧૭૨.

**અન્વયાર્થ :—**જાણતા અને દેખતા હોવા છતાં, કેવળીને ઈચ્છાપૂર્વક (વર્તન) હોતું નથી; તેથી તેમને 'કેવળજ્ઞાની' કહ્યા છે; વળી તેથી અબંધક કહ્યા છે. ॥૧૭૨॥

અહીં ખરેખર જ્ઞાનીને (કેવળજ્ઞાનીને) બંધના અભાવનું સ્વરૂપ કહ્યું છે.

પરિણામપૂર્વક વચન જીવને બંધકારણ થાય છે;
પરિણામ વિરહિત વચન તેથી બંધ થાય ન જ્ઞાનીને. ૧૭૩.

અભિલાષપૂર્વક વચન જીવને બંધકારણ થાય છે;
અભિલાષ વિરહિત વચન તેથી બંધ થાય ન જ્ઞાનીને. ૧૭૪.

**અન્વયાર્થ :—**પરિણામપૂર્વક (મનપરિણામપૂર્વક) વચન જીવને બંધનું કારણ છે; (જ્ઞાનીને) પરિણામરહિત વચન હોય છે તેથી જ્ઞાનીને (કેવળજ્ઞાનીને) ખરેખર બંધ નથી. ॥૧૭૩॥

ઈચ્છાપૂર્વક વચન જીવને બંધનું કારણ છે; (જ્ઞાનીને) ઈચ્છારહિત વચન હોય છે તેથી જ્ઞાનીને (કેવળજ્ઞાનીને) ખરેખર બંધ નથી. ॥૧૭૪॥

આ, કેવળીભટ્ટારકને મનરહિતપણાનું પ્રકાશન છે (અર્થાત્ અહીં કેવળી-ભગવાનનું મનરહિતપણું દર્શાવ્યું છે).

અભિલાષપૂર્વ વિહાર, આસન, સ્થાન નહિ જિનદેવને,
તેથી નથી ત્યાં બંધ; બંધન મોહવશ સાક્ષાર્થને. ૧૭૫.

**અન્વયાર્થ :—**કેવળીને ઊભા રહેવું, બેસવું અને વિહાર ઈચ્છાપૂર્વક હોતાં નથી, તેથી તેમને બંધ નથી; મોહનીયવશ જીવને ઈન્દ્રિયવિષયસહિતપણે બંધ થાય છે. ॥૧૭૫॥

આ, શુદ્ધ જીવને સ્વભાવગતિની પ્રાપ્તિ થવાના ઉપાયનું કથન છે.

આયુક્ષયે ત્યાં શેષ સર્વે કર્મનો ક્ષય થાય છે;
પછી સમયમાત્રે શીઘ્ર તે લોકાગ્ર પહોંચી જાય છે. ૧૭૬.

**અન્વયાર્થ :—**વળી (કેવળીને) આયુના ક્ષયથી શેષ પ્રકૃતિઓનો સંપૂર્ણ નાશ થાય છે; પછી તે શીઘ્ર સમયમાત્રમાં લોકાગ્રે પહોંચે છે. ।।૧૭૬।।

(જેનો સંપૂર્ણ આશ્રય કરવાથી સિદ્ધ થવાય છે એવા) કારણપરમતત્ત્વના સ્વરૂપનું આ કથન છે.

કર્માષ્ટવર્જિત, પરમ, જન્મજરામરણહીન, શુદ્ધ છે,
જ્ઞાનાદિ ચાર સ્વભાવ છે, અક્ષય, અનાશ, અછેદ્ય છે. ૧૭૭.

**અન્વયાર્થ :—**(પરમાત્મતત્ત્વ) જન્મ-જરા-મરણ રહિત, પરમ, આઠ કર્મ વિનાનું, શુદ્ધ, જ્ઞાનાદિક ચાર સ્વભાવવાળું, અક્ષય, અવિનાશી અને અચ્છેદ્ય છે. ।।૧૭૭।।

અહીં પણ, નિરુપાધિ સ્વરૂપ જેનું લક્ષણ છે એવું પરમાત્મતત્ત્વ કહ્યું છે.

અનુપમ, અતીંદ્રિય, પુણ્યપાપવિમુક્ત, અવ્યાબાધ છે,
પુનરાગમન વિરહિત, નિરાલંબન, સુનિશ્ચળ, નિત્ય છે. ૧૭૮.

**અન્વયાર્થ :—**(પરમાત્મતત્ત્વ) અવ્યાબાધ, અતીંદ્રિય, અનુપમ, પુણ્યપાપ વિનાનું, પુનરાગમન રહિત, નિત્ય, અચળ અને નિરાલંબ છે. ।।૧૭૮।।

અહીં, (પરમતત્ત્વને) ખરેખર સાંસારિક વિકારસમૂહના અભાવને લીધે [1]નિર્વાણ છે એમ કહ્યું છે. ।।૧૭૯।।

જ્યાં દુઃખ નહિ, સુખ જ્યાં નહીં, પીડા નહીં, બાધા નહીં,
જ્યાં મરણ નહિ, જ્યાં જન્મ છે નહિ, ત્યાં જ મુક્તિ જાણવી. ૧૭૯.

**અન્વયાર્થ :—**જ્યાં દુઃખ નથી, સુખ નથી, પીડા નથી, બાધા નથી, મરણ નથી, જન્મ નથી, ત્યાં જ નિર્વાણ છે (અર્થાત્ દુઃખાદિરહિત પરમતત્ત્વમાં જ નિર્વાણ છે). ।।૧૭૯।।

આ, પરમ નિર્વાણને યોગ્ય પરમતત્ત્વના સ્વરૂપનું કથન છે.

નહિ ઈન્દ્રિયો, ઉપસર્ગ નહિ, નહિ મોહ, વિસ્મય જ્યાં નહીં,
નિદ્રા નહીં, ન ક્ષુધા, તૃષા નહિ, ત્યાં જ મુક્તિ જાણવી. ૧૮૦.

**અન્વયાર્થ :—**જ્યાં ઈન્દ્રિયો નથી, ઉપસર્ગો નથી, મોહ નથી, વિસ્મય નથી, નિદ્રા નથી, તૃષા નથી, ક્ષુધા નથી, ત્યાં જ નિર્વાણ છે (અર્થાત્ ઈન્દ્રિયાદિરહિત પરમતત્ત્વમાં જ નિર્વાણ છે). ।।૧૮૦।।

આ, સર્વ કર્મોથી વિમુક્ત (–રહિત) તેમ જ શુભ, અશુભ ને શુદ્ધ ધ્યાન તથા ધ્યેયના વિકલ્પોથી વિમુક્ત પરમતત્ત્વના સ્વરૂપનું કથન છે.

જ્યાં કર્મ નહિ, નોકર્મ, ચિંતા, આર્તરૌદ્રોભય નહીં,
જ્યાં ધર્મશુક્લધ્યાન છે નહિ, ત્યાં જ મુક્તિ જાણવી. ૧૮૧.

**અન્વયાર્થ :—**જ્યાં કર્મ ને નોકર્મ નથી, ચિંતા નથી, આર્ત ને રૌદ્ર ધ્યાન નથી, ધર્મ ને શુક્લ ધ્યાન નથી, ત્યાં જ નિર્વાણ છે (અર્થાત્ કર્માદિરહિત પરમતત્ત્વમાં જ નિર્વાણ છે). ।।૧૮૧।।

આ, ભગવાન સિદ્ધના સ્વભાવગુણોના સ્વરૂપનું કથન છે.

દ્રગ-જ્ઞાન કેવળ, સૌખ્ય કેવળ, વીર્ય કેવળ હોય છે,
અસ્તિત્વ, મૂર્તિવિહીનતા, સપ્રદેશમયતા હોય છે. ૧૮૨.

**અન્વયાર્થ :—**(સિદ્ધભગવાનને) કેવળજ્ઞાન, કેવળદર્શન, કેવળ-સુખ, કેવળવીર્ય, અમૂર્તત્વ, અસ્તિત્વ અને સપ્રદેશત્વ હોય છે. ।।૧૮૨।।

આ, સિદ્ધિ અને સિદ્ધના એકત્વના પ્રતિપાદન વિષે છે.

નિર્વાણ છે તે સિદ્ધ છે ને સિદ્ધ તે નિર્વાણ છે;
સૌ કર્મથી પ્રવિમુક્ત આત્મા લોક-અગ્રે જાય છે. ૧૮૩.

**અન્વયાર્થ :—**નિર્વાણ તે જ સિદ્ધો છે અને સિદ્ધો તે નિર્વાણ છે એમ (શાસ્ત્રમાં) કહ્યું છે. કર્મથી વિમુક્ત આત્મા લોકાગ્ર પર્યંત જાય છે. ।।૧૮૩।।

અહીં, સિદ્ધક્ષેત્રથી ઉપર જીવ-પુદ્‌ગલોના ગમનનો નિષેધ કર્યો છે.

ધર્માસ્તિ જ્યાં લગી, ત્યાં લગી જીવ-પુદ્‌ગલોનું ગમન છે;
ધર્માસ્તિકાય-અભાવમાં આગળ ગમન નહિ થાય છે. ૧૮૪.

**અન્વયાર્થ :—**જ્યાં સુધી ધર્માસ્તિકાય છે ત્યાં સુધી જીવોનું અને પુદ્‌ગલોનું ગમન જાણ; ધર્માસ્તિકાયના અભાવે તેથી આગળ તેઓ જતાં નથી. ।।૧૮૪।।

આ, શાસ્ત્રના આદિમાં લેવામાં આવેલા નિયમશબ્દનો અને તેના ફળનો ઉપસંહાર છે.

પ્રવચન-સુભક્તિ થકી કહ્યાં મેં નિયમ ને તત્ફળ અહો!
યદિ પૂર્વ-અપર વિરોધ હો, સમયજ્ઞ તેહ સુધારજો. ૧૮૫.

**અન્વયાર્થ :—**નિયમ અને નિયમનું ફળ પ્રવચનની ભક્તિથી દર્શાવવામાં આવ્યાં. જો (તેમાં કાંઈ) પૂર્વાપર (આગળપાછળ) વિરોધ હોય તો સમયજ્ઞો (આગમના જ્ઞાતાઓ) તેને દૂર કરી પૂર્તિ કરજો. ।।૧૮૫।।

અહીં ભવ્યને શિખામણ દીધી છે.

પણ કોઈ સુંદર માર્ગની નિંદા કરે ઈર્ષા વડે,
તેનાં સુણી વચનો કરો ન અભક્તિ જિનમારગ વિષે. ૧૮૬.

**અન્વયાર્થ :**—પરંતુ ઈર્ષાભાવથી કોઈ લોકો સુંદર માર્ગને નિંદે છે તેમનાં વચન સાંભળીને જિનમાર્ગ પ્રત્યે અભક્તિ ન કરજો. ૥૧૮૬૥

આ, શાસ્ત્રના નામકથન દ્વારા શાસ્ત્રના ઉપસંહાર સંબંધી કથન છે.

નિજભાવના અર્થે રચ્યું મેં નિયમસાર-સુશાસ્ત્રને,
સૌ દોષ પૂર્વાપર રહિત ઉપદેશ જિનનો જાણીને. ૧૮૭.

**અન્વયાર્થ :**—પૂર્વાપર દોષ રહિત જિનોપદેશને જાણીને મેં નિજભાવનાનિમિત્તે નિયમસાર નામનું શાસ્ત્ર કર્યું છે. ૥૧૮૭૥

આ રીતે, શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમનો શુદ્ધોપયોગ અધિકાર નામનો બારમો શ્રુતસ્કંધ સમાપ્ત થયો.

આમ (શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત શ્રી નિયમસાર પરમાગમની ગાથાનો શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ કૃત ગુજરાતી પદ્યાનુવાદ સમાપ્ત થયો.

**સમાપ્ત**

# - ૧ -
# જીવ અધિકાર

નમીને અનંતોત્કૃષ્ટ દર્શનજ્ઞાનમય જિન વીરને
કહું નિયમસાર હું કેવળીશ્રુતકેવળીપરિકથિતને. ૧.

છે માર્ગનું ને માર્ગફળનું કથન જિનવરશાસને;
ત્યાં માર્ગ મોક્ષોપાય છે ને માર્ગફળ નિર્વાણ છે. ૨.

જે નિયમથી કર્તવ્ય એવાં રત્નત્રય તે નિયમ છે;
વિપરીતના પરિહાર અર્થે 'સાર' પદ યોજેલ છે. ૩.

છે નિયમ મોક્ષોપાય, તેનું ફળ પરમ નિર્વાણ છે;
વળી આ ત્રણેનું ભેદપૂર્વક ભિન્ન નિરૂપણ હોય છે. ૪.

રે! આપ્ત-આગમ-તત્ત્વની શ્રદ્ધાથી સમકિત હોય છે;
નિ:શેષદોષવિહીન જે ગુણસકળમય તે આપ્ત છે. ૫.

ભય, રોષ, રાગ, ક્ષુધા, તૃષા, મદ, મોહ, ચિંતા, જન્મ ને
રતિ, રોગ, નિદ્રા, સ્વેદ, ખેદ, જરાદિ દોષ અઢાર છે. ૬.

સૌ દોષ રહિત, અનંતજ્ઞાનદૃગાદિ વૈભવયુક્ત જે,
પરમાત્મ તે કહેવાય, તદ્વિપરીત નહિ પરમાત્મ છે. ૭.

પરમાત્મવાણી શુદ્ધ ને પૂર્વાપરે નિર્દોષ જે,
તે વાણીને આગમ કહી; તેણે કહ્યા તત્ત્વાર્થને. ૮.

જીવદ્રવ્ય, પુદ્ગલ, કાળ તેમ જ આભ, ધર્મ, અધર્મ—એ
ભાખ્યા જિને તત્ત્વાર્થ, ગુણપર્યાય વિધવિધ યુક્ત જે. ૯.

ઉપયોગમય છે જીવ ને ઉપયોગ દર્શન-જ્ઞાન છે;
જ્ઞાનોપયોગ સ્વભાવ તેમ વિભાવરૂપ દ્વિવિધ છે. ૧૦.

અસહાય, ઈન્દ્રિવિહીન, કેવળ, તે સ્વભાવિક જ્ઞાન છે;
સુજ્ઞાન ને અજ્ઞાન—એમ વિભાવજ્ઞાન દ્વિવિધ છે. ૧૧.

મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય—ભેદ છે સુજ્ઞાનના;
કુમતિ, કુઅવધિ, કુશ્રુત—એ ત્રણ ભેદ છે અજ્ઞાનના. ૧૨.

ઉપયોગ દર્શનનો સ્વભાવ-વિભાવરૂપ દ્વિવિધ છે;
અસહાય, ઈન્દ્રિવિહીન, કેવળ, તે સ્વભાવ કહેલ છે. ૧૩.

ચક્ષુ, અચક્ષુ, અવધિ—ત્રણ દર્શન વિભાવિક છે કહ્યાં;
નિરપેક્ષ, સ્વપરાપેક્ષ—એ બે ભેદ છે પર્યાયના. ૧૪.

તિર્યંચ-નારક-દેવ-નર પર્યાય વૈભાવિક કહ્યા;
પર્યાય કર્મોપાધિવર્જિત તે સ્વભાવિક ભાખિયા. ૧૫.

છે કર્મભૂમિજ ભોગભૂમિજ—ભેદ બે મનુજો તણા,
ને પૃથ્વીભેદે સપ્ત ભેદો જાણવા નારક તણા. ૧૬.

તિર્યંચના છે ચૌદ ભેદો, ચાર ભેદો દેવના;
આ સર્વનો વિસ્તાર છે નિર્દિષ્ટ લોકવિભાગમાં. ૧૭.

આત્મા કરે, વળી ભોગવે પુદ્‌ગલકરમ વ્યવહારથી;
ને કર્મજનિત વિભાવનો કર્તાદિ છે નિશ્ચય થકી. ૧૮.

પૂર્વોક્ત પર્યાયોથી છે વ્યતિરિક્ત જીવ દ્રવ્યાર્થિકે;
ને ઉક્ત પર્યાયોથી છે સંયુક્ત પર્યાયાર્થિકે. ૧૯.

## - ૨ -

## અજીવ અધિકાર

પરમાણુ તેમ જ સ્કંધ એ બે ભેદ પુદ્‌ગલદ્રવ્યના;
છ વિકલ્પ છે સ્કંધો તણા ને ભેદ બે પરમાણુના. ૨૦.

અતિથૂલથૂલ, થૂલ, થૂલસૂક્ષ્મ, સૂક્ષ્મથૂલ, વળી સૂક્ષ્મ ને
અતિસૂક્ષ્મ—એમ ધરાદિ પુદ્‌ગલસ્કંધના છ વિકલ્પ છે. ૨૧.

ભૂપર્વતાદિક સ્કંધને અતિથૂલથૂલ જિને કહ્યા,
ઘી-તેલ-જળ ઈત્યાદિને વળી થૂલ સ્કંધો જાણવા; ૨૨.

આતપ અને છાયાદિને થૂલસૂક્ષ્મ સ્કંધો જાણજે,
ચતુરિંદ્રિયના જે વિષય તેને સૂક્ષ્મથૂલ કહ્યા જિને; ૨૩.

વળી કર્મવર્ગણયોગ્ય સ્કંધો સૂક્ષ્મ સ્કંધો જાણવા,
તેનાથી વિપરીત સ્કંધને અતિસૂક્ષ્મ સ્કંધો વર્ણવ્યા. ૨૪.

જે હેતુ ધાતુચતુષ્કનો તે કારણાણુ જાણવો;
સ્કંધો તણા અવસાનને વળી કાર્યપરમાણુ કહ્યો. ૨૫.

જે આદિ-મધ્યે અંતમાં પોતે જ છે, અવિભાગી છે,
જે ઈન્દ્રિથી નહિ ગ્રાહ્ય છે, પરમાણુ જાણો તેહને. ૨૬.

બે સ્પર્શ, રસ–રૂપ–ગંધ એક, સ્વભાવગુણમય તેહ છે;
જિનસમયમાંહી વિભાવગુણ સર્વાક્ષપ્રગટ કહેલ છે. ૨૭.

પરિણામ પરનિરપેક્ષ તેહ સ્વભાવપર્યય જાણવો;
પરિણામ સ્કંધસ્વરૂપ તેહ વિભાવપર્યય જાણવો. ૨૮.

પરમાણુને 'પુદ્‌ગલદરવ' વ્યપદેશ છે નિશ્ચય થકી;
ને સ્કંધને 'પુદ્‌ગલદરવ' વ્યપદેશ છે વ્યવહારથી. ૨૯.

જીવ-પુદ્‌ગલોને ગમન-સ્થાનનિમિત્ત ધર્મ-અધર્મ છે;
જીવાદિ સર્વ પદાર્થને અવગાહહેતુ આભ છે. ૩૦.

આવલિ–સમયના ભેદથી બે ભેદ વા ત્રણ ભેદ છે;
સંસ્થાનથી સંખ્યાતગુણ આવલિપ્રમાણ અતીત છે. ૩૧.

જીવોથી ને પુદ્‌ગલથી પણ સમયો અનંતગુણા કહ્યા;
તે કાળ છે પરમાર્થ, જે છે સ્થિત લોકાકાશમાં. ૩૨.

જીવપુદ્‌ગલાદિ પદાર્થને પરિણમનકારણ કાળ છે;
ધર્માદિ ચાર સ્વભાવગુણપર્યાયવંત પદાર્થ છે. ૩૩.

જિનસમયમાંહી કાળ છોડી શેષ પાંચ પદાર્થ જે
તે અસ્તિકાય કહ્યા; અનેકપ્રદેશયુત તે કાય છે. ૩૪.

અણસંખ્ય, સંખ્ય, અનંત હોય પ્રદેશ મૂર્તિક દ્રવ્યને,
અણસંખ્ય જાણ પ્રદેશ ધર્મ, અધર્મ તેમ જ જીવને; ૩૫.

અણસંખ્ય લોકાકાશમાંહી, અનંત જાણ અલોકને,
છે કાળ એકપ્રદેશી, તેથી ન કાળને કાયત્વ છે. ૩૬.

છે મૂર્ત પુદ્‌ગલદ્રવ્ય, શેષ પદાર્થ મૂર્તિવિહીન છે;
ચૈતન્યયુત છે જીવ ને ચૈતન્યવર્જિત શેષ છે. ૩૭.

## - ૩ -
## શુદ્ધભાવ અધિકાર

છે બાહ્યતત્ત્વ જીવાદિ સર્વે હેય, આત્મા ગ્રાહ્ય છે,
—જે કર્મથી ઉત્પન્ન ગુણપર્યાયથી વ્યતિરિક્ત છે. ૩૮.

જીવને ન સ્થાન સ્વભાવનાં, માનાપમાન તણાં નહીં,
જીવને ન સ્થાનો હર્ષનાં, સ્થાનો અહર્ષ તણાં નહીં. ૩૯.

સ્થિતિબંધસ્થાનો, પ્રકૃતિસ્થાન, પ્રદેશનાં સ્થાનો નહીં,
અનુભાગનાં નહિ સ્થાન જીવને, ઉદયનાં સ્થાનો નહીં. ૪૦.

સ્થાનો ન ક્ષાયિકભાવનાં, ક્ષાયોપશમિક તણાં નહીં;
સ્થાનો ન ઉપશમભાવનાં કે ઉદયભાવ તણાં નહીં. ૪૧.

ચઉગતિભ્રમણ નહિ, જન્મ મરણ ન, રોગ શોક જરા નહીં,
કુળ, યોનિ કે જીવસ્થાન માર્ગણસ્થાન જીવને છે નહીં. ૪૨.

નિર્દંડ ને નિર્દ્વંદ્વ, નિર્મમ, નિઃશરીર, નીરાગ છે,
નિર્દોષ, નિર્ભય, નિરવલંબન, આતમા નિર્મૂઢ છે. ૪૩.

નિર્ગ્રંથ છે, નિષ્કામ છે, નિઃક્રોધ, જીવ નિર્માન છે,
નિઃશલ્ય તેમ નીરાગ, નિર્મદ, સર્વદોષવિમુક્ત છે. ૪૪.

સ્ત્રી-પુરુષ આદિક પર્યયો, રસવર્ણગંધસ્પર્શ ને
સંસ્થાન તેમ જ સંહનન સૌ છે નહીં જીવદ્રવ્યને. ૪૫.

જીવ ચેતનાગુણ, અરસરૂપ, અગંધશબ્દ, અવ્યક્ત છે,
વળી લિંગગ્રહણવિહીન છે, સંસ્થાન ભાખ્યું ન તેહને. ૪૬.

જેવા જીવો છે સિદ્ધિગત તેવા જીવો સંસારી છે,
જેથી જનમમરણાદિહીન ને અષ્ટગુણસંયુક્ત છે. ૪૭.

અશરીર ને અવિનાશ છે, નિર્મળ, અતીંદ્રિય, શુદ્ધ છે,
જ્યમ લોક-અગ્રે સિદ્ધ, તે રીત જાણ સૌ સંસારીને. ૪૮.

આ સર્વ ભાવ કહેલ છે વ્યવહારનયના આશ્રયે;
સંસારી જીવ સમસ્ત સિદ્ધસ્વભાવી શુદ્ધનયાશ્રયે. ૪૯.

પૂર્વોક્ત ભાવો પર-દરવ પરભાવ, તેથી હેય છે;
આત્મા જ છે આદેય, અંતઃતત્ત્વરૂપ નિજદ્રવ્ય જે. ૫૦.

શ્રદ્ધાન વિપરીત-અભિનિવેશવિહીન તે સમ્યક્ત્વ છે;
સંશય-વિમોહ-વિભ્રાંતિ વિરહિત જ્ઞાન સમ્યગ્જ્ઞાન છે. ૫૧.

ચલ મલ-અગાઢપણા રહિત શ્રદ્ધાન તે સમ્યક્ત્વ છે;
આદેય-હેય પદાર્થનો અવબોધ સમ્યગ્જ્ઞાન છે. ૫૨.

જિનસૂત્ર સમકિતહેતુ છે, ને સૂત્રજ્ઞાતા પુરુષ જે
તે જાણ અંતર્હેતુ, દૃગ્મોહક્ષયાદિક જેમને. ૫૩.

સમ્યક્ત્વ, સમ્યગ્જ્ઞાન તેમ જ ચરણ મુક્તિપંથ છે;
તેથી કહીશ હું ચરણને વ્યવહાર ને નિશ્ચય વડે. ૫૪.

વ્યવહારનયચારિત્રમાં વ્યવહારનું તપ હોય છે;
તપ હોય છે નિશ્ચય થકી, ચારિત્ર જ્યાં નિશ્ચયનયે. ૫૫.

# - ૪ -
# વ્યવહારચારિત્ર અધિકાર

જીવસ્થાન, માર્ગણસ્થાન, યોનિ, કુલાદિ જીવનાં જાણીને,
આરંભથી નિવૃત્તિરૂપ પરિણામ તે વ્રત પ્રથમ છે. ૫૬.

વિદ્વેષ-રાગ-વિમોહજનિત મૃષા તણા પરિણામને
જે છોડતા મુનિરાજ, તેને સર્વદા વ્રત દ્વિતીય છે. ૫૭.

નગરે, અરણ્યે, ગ્રામમાં કો વસ્તુ પરની દેખીને
છોડે ગ્રહણપરિણામ જે, તે પુરુષને વ્રત તૃતીય છે. ૫૮.

સ્ત્રીરૂપ દેખી સ્ત્રી પ્રતિ અભિલાષભાવનિવૃત્તિ જે,
વા મિથુનસંજ્ઞારહિત જે પરિણામ તે વ્રત તુર્ય છે. ૫૯.

નિરપેક્ષ ભાવન સહિત સર્વ પરિગ્રહોનો ત્યાગ જે,
તે જાણવું વ્રત પાંચમું ચારિત્રભર વહનારને. ૬૦.

અવલોકી માર્ગ ધુરાપ્રમાણ કરે ગમન મુનિરાજ જે
દિવસે જ પ્રાસુક માર્ગમાં, ઈર્યાસમિતિ તેહને. ૬૧.

નિજસ્તવન, પરનિંદા, પિશુનતા, હાસ્ય, કર્કશ વચનને
છોડી સ્વપરહિત જે વદે, ભાષાસમિતિ તેહને. ૬૨.

અનુમનન-કૃત-કારિતવિહીન, પ્રશસ્ત, પ્રાસુક અશનને
—પરદત્તને મુનિ જે ગ્રહે, એષણસમિતિ તેહને. ૬૩.

શાસ્ત્રાદિ ગ્રહતાં–મૂકતાં મુનિના પ્રયત પરિણામને
આદાનનિક્ષેપણ સમિતિ કહેલ છે આગમ વિષે. ૬૪.

જે ભૂમિ પ્રાસુક, ગૂઢ ને ઉપરોધ જ્યાં પરનો નહીં,
મળત્યાગ ત્યાં કરનારને સમિતિ પ્રતિષ્ઠાપન તણી. ૬૫.

કાલુષ્ય, સંજ્ઞા, મોહ, રાગ, દ્વેષ આદિ અશુભના
પરિહારને મનગુપ્તિ છે ભાખેલ નય વ્યવહારમાં. ૬૬.

સ્ત્રી-રાજ-ભોજન-ચોરકથની હેતુ છે જે પાપની
તસુ ત્યાગ, વા અલીકાદિનો જે ત્યાગ, ગુપ્તિ વચનની. ૬૭.

વધ, બંધ ને છેદનમયી, વિસ્તરણ-સંકોચનમયી
ઈત્યાદિ કાયક્રિયા તણી નિવૃત્તિ તનગુપ્તિ કહી. ૬૮.

મનમાંથી જે રાગાદિની નિવૃત્તિ તે મનગુપ્તિ છે;
અલીકાદિની નિવૃત્તિ અથવા મૌન વાચાગુપ્તિ છે. ૬૯.

જે કાયકર્મનિવૃત્તિ કાયોત્સર્ગ તે તનગુપ્તિ છે;
હિંસાદિની નિવૃત્તિને વળી કાયગુપ્તિ કહેલ છે. ૭૦.

ઘનઘાતિકર્મ વિહીન ને ચોત્રીસ અતિશય યુક્ત છે,
કૈવલ્યજ્ઞાનાદિક પરમગુણ યુક્ત શ્રી અર્હંત છે. ૭૧.

છે અષ્ટ કર્મ વિનષ્ટ, અષ્ટ મહાગુણે સંયુક્ત છે,
શાશ્વત, પરમ ને લોક-અગ્રવિરાજમાન શ્રી સિદ્ધ છે. ૭૨.

પરિપૂર્ણ પંચાચારમાં, વળી ધીર ગુણગંભીર છે,
પંચેંદ્રિગજના દર્પદલને દક્ષ શ્રી આચાર્ય છે. ૭૩.

રત્નત્રયે સંયુક્ત ને નિઃકાંક્ષભાવથી યુક્ત છે,
જિનવરકથિત અર્થોપદેશે શૂર શ્રી ઉવઝાય છે. ૭૪.

નિર્ગ્રંથ છે, નિર્મોહ છે, વ્યાપારથી પ્રવિમુક્ત છે,
ચૌવિધ આરાધન વિષે નિત્યાનુરક્ત શ્રી સાધુ છે. ૭૫.

આ ભાવનામાં જાણવું ચારિત્ર નય વ્યવહારથી;
આના પછી ભાખીશ હું ચારિત્ર નિશ્ચયનય થકી. ૭૬.

ૐ

સહજ ચિદાનંદ.

## - ૫ -

# પરમાર્થ-પ્રતિક્રમણ અધિકાર

નારક નહીં, તિર્યંચ-માનવ-દેવપર્યય હું નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૭.

હું માર્ગણાસ્થાનો નહીં, ગુણસ્થાન-જીવસ્થાનો નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૮.

હું બાળ-વૃદ્ધ-યુવાન નહિ, હું તેમનું કારણ નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૭૯.

હું રાગ-દ્વેષ ન, મોહ નહિ, હું તેમનું કારણ નહીં;
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૮૦.

હું ક્રોધ નહિ, નહિ માન, તેમ જ લોભ-માયા છું નહીં,
કર્તા ન, કારયિતા ન, અનુમંતા હું કર્તાનો નહીં. ૮૧.

આ ભેદના અભ્યાસથી માધ્યસ્થ થઈ ચારિત બને;
પ્રતિક્રમણ આદિ કહીશ હું ચારિત્રદૃઢતા કારણે. ૮૨.

રચના વચનની છોડીને, રાગાદિભાવ નિવારીને,
જે જીવ ધ્યાવે આત્મને, તે જીવને પ્રતિક્રમણ છે. ૮૩.

છોડી સમસ્ત વિરાધના આરાધનામાં જે રહે,
તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૪.

જે છોડી અણ-આચારને આચારમાં સ્થિરતા કરે,
તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૫.

પરિત્યાગી જે ઉન્માર્ગને જિનમાર્ગમાં સ્થિરતા કરે,
તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૬.

જે સાધુ છોડી શલ્યને નિઃશલ્યભાવે પરિણમે,
તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૭.

જે સાધુ છોડી અગુપ્તિભાવ ત્રિગુપ્તિગુપ્તપણે રહે,
તે પ્રતિક્રમણ કહેવાય છે પ્રતિક્રમણમયતા કારણે. ૮૮.

તજી આર્ત તેમ જ રૌદ્રને, ધ્યાવે ધરમને, શુક્લને,
તે પ્રતિક્રમણ કહેવાય છે જિનવરકથિત સૂત્રો વિષે. ૮૯.

મિથ્યાત્વ-આદિક ભાવને ચિરકાળ ભાવ્યા છે જીવે;
સમ્યક્ત્વ-આદિક ભાવ રે ! ભાવ્યા નથી પૂર્વે જીવે. ૯૦.

નિઃશેષ મિથ્યાજ્ઞાન-દર્શન-ચરણને પરિત્યાગીને
સુજ્ઞાન-દર્શન-ચરણ ભાવે, જીવ તે પ્રતિક્રમણ છે. ૯૧.

આત્મા જ ઉત્તમ-અર્થ છે, તત્રસ્થ મુનિ કર્મો હણે;
તે કારણે બસ ધ્યાન ઉત્તમ-અર્થનું પ્રતિક્રમણ છે. ૯૨.

રહી ધ્યાનમાં તલ્લીન, છોડે સાધુ દોષ સમસ્તને;
તે કારણે બસ ધ્યાન સૌ અતિચારનું પ્રતિક્રમણ છે. ૯૩.

પ્રતિક્રમણનામક સૂત્રમાં જ્યમ વર્ણવ્યું પ્રતિક્રમણને
ત્યમ જાણી ભાવે ભાવના, તેને તદા પ્રતિક્રમણ છે. ૯૪.

## - ૬ -
# નિશ્ચય--પ્રત્યાખ્યાન અધિકાર

પરિત્યાગી જલ્પ સમસ્તને, ભાવી શુભાશુભ વારીને,
જે જીવ ધ્યાવે આત્મને, પચખાણ છે તે જીવને. ૯૫.

કેવલદરશ, કેવલવીરજ, કૈવલ્યજ્ઞાનસ્વભાવી છે,
વળી સૌખ્યમય છે જેહ તે હું—એમ જ્ઞાની ચિંતવે. ૯૬.

નિજભાવને છોડે નહીં, પરભાવ કંઈ પણ નવ ગ્રહે,
જાણે-જુએ જે સર્વ, તે હું—એમ જ્ઞાની ચિંતવે. ૯૭.

પ્રકૃતિ-સ્થિતિ-પરદેશ-અનુભાગબંધ વિરહિત જીવ જે
છું તે જ હું—ત્યમ ભાવતો, તેમાં જ તે સ્થિરતા કરે. ૯૮.

પરિવર્જું છું હું મમત્વ, નિર્મમ ભાવમાં સ્થિત હું રહું;
અવલંબું છું મુજ આત્મને, અવશેષ સર્વ હું પરિહરું. ૯૯.

મુજ જ્ઞાનમાં આત્મા ખરે, દર્શન-ચરિતમાં આતમા,
પચખાણમાં આત્મા જ, સંવર-યોગમાં પણ આતમા. ૧૦૦.

જીવ એકલો જ મરે, સ્વયં જીવ એકલો જન્મે અરે !
જીવ એકનું નીપજે મરણ, જીવ એકલો સિદ્ધિ લહે. ૧૦૧.

મારો સુશાશ્વત એક દર્શનજ્ઞાનલક્ષણ જીવ છે;
બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે. ૧૦૨.

જે કાંઈ પણ દુશ્ચરિત મુજ તે સર્વ હું ત્રિવિધે તજું;
કરું છું નિરાકાર જ સમસ્ત ચરિત્ર જે ત્રયવિધનું. ૧૦૩.

સૌ ભૂતમાં સમતા મને, કો સાથ વેર મને નહીં;
આશા ખરેખર છોડીને પ્રાપ્તિ કરું છું સમાધિની. ૧૦૪.

અકષાય, ઉદ્યમી, દાન્ત છે, સંસારથી ભયભીત છે,
શૂરવીર છે, તે જીવને પચખાણ સુખમય હોય છે. ૧૦૫.

જીવ-કર્મ કેરા ભેદનો અભ્યાસ જે નિત્યે કરે,
તે સંયમી પચખાણ-ધારણમાં અવશ્ય સમર્થ છે. ૧૦૬.

સહજ ચિદાનંદ.

# - ૭ -
# પરમ-આલોચના અધિકાર

તે શ્રમણને આલોચના, જે શ્રમણ ધ્યાવે આત્મને,
નોકર્મકર્મ-વિભાવગુણપર્યાયથી વ્યતિરિક્તને. ૧૦૭.

આલોચનાનું રૂપ ચઉવિધ વર્ણવ્યું છે શાસ્ત્રમાં,
—આલોચના, આલુંછના, અવિકૃતિકરણ ને શુદ્ધતા. ૧૦૮.

સમભાવમાં પરિણામ સ્થાપી દેખતો જે આત્મને,
તે જીવ છે આલોચના—જિનવરવૃષભ-ઉપદેશ છે. ૧૦૯.

છે કર્મતરુમૂલછેદનું સામર્થ્ય જે પરિણામમાં,
સ્વાધીન તે સમભાવ-નિજપરિણામ આલુંછન કહ્યા. ૧૧૦.

અવિકૃતિકરણ તેને કહ્યું જે ભાવતાં માધ્યસ્થને
ભાવે વિમળગુણધામ કર્મવિભક્ત આતમરામને. ૧૧૧.

ત્રણ લોક તેમ અલોકના દ્રષ્ટા કહે છે ભવ્યને
—મદમાનમાયાલોભવર્જિત ભાવ ભાવવિશુદ્ધિ છે. ૧૧૨.

# - ૮ -

# શુદ્ધનિશ્ચય-પ્રાયશ્ચિત્ત અધિકાર

વ્રત, સમિતિ, સંયમ, શીલ, ઇન્દ્રિયરોધરૂપ છે ભાવ જે
તે ભાવ પ્રાયશ્ચિત્ત છે, જે અનવરત કર્તવ્ય છે. ૧૧૩.

ક્રોધાદિ નિજ ભાવો તણા ક્ષય આદિની જે ભાવના
ને આત્મગુણની ચિંતના નિશ્ચયથી પ્રાયશ્ચિત્તમાં. ૧૧૪.

જીતે ક્ષમાથી ક્રોધને, નિજ માર્દવેથી માનને,
આર્જવ થકી માયા ખરે, સંતોષ દ્વારા લોભને. ૧૧૫.

ઉત્કૃષ્ટ નિજ અવબોધને વા જ્ઞાનને વા ચિત્તને
ધારણ કરે છે નિત્ય, પ્રાયશ્ચિત્ત છે તે સાધુને. ૧૧૬.

બહુ કથન શું કરવું? અરે! સૌ જાણ પ્રાયશ્ચિત્ત તું,
નાનાકરમક્ષયહેતુ ઉત્તમ તપચરણ ૠષિરાજનું. ૧૧૭.

રે! ભવ અનંતાનંતથી અર્જિત શુભાશુભ કર્મ જે
તે નાશ પામે તપ થકી; તપ તેથી પ્રાયશ્ચિત્ત છે. ૧૧૮.

આત્મસ્વરૂપ અવલંબનારા ભાવથી સૌ ભાવને
ત્યાગી શકે છે જીવ, તેથી ધ્યાન તે સર્વસ્વ છે. ૧૧૯.

છોડી શુભાશુભ વચનને, રાગાદિભાવ નિવારીને,
જે જીવ ધ્યાવે આત્મને, તેને નિયમથી નિયમ છે. ૧૨૦.

કાયાદિ પરદ્રવ્યો વિષે સ્થિરભાવ છોડી આત્મને
ધ્યાવે વિકલ્પવિમુક્ત, કાયોત્સર્ગ છે તે જીવને. ૧૨૧.

## - ૯ -

# પરમ-સમાધિ અધિકાર

વચનોચ્ચરણક્રિરિયા તજી, વીતરાગ નિજ પરિણામથી
ધ્યાવે નિજાત્મા જેહ, પરમ સમાધિ તેને જાણવી. ૧૨૨.

સંયમ, નિયમ ને તપ થકી, વળી ધર્મ-શુક્લધ્યાનથી,
ધ્યાવે નિજાત્મા જેહ, પરમ સમાધિ તેને જાણવી. ૧૨૩.

વનવાસ વા તનક્લેશરૂપ ઉપવાસ વિધવિધ શું કરે?
રે! મૌન વા પઠનાદિ શું કરે સામ્યવિરહિત શ્રમણને? ૧૨૪.

સાવદ્યવિરત, ત્રિગુપ્ત છે, ઈન્દ્રિયસમૂહ નિરુદ્ધ છે,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૫.

સ્થાવર અને ત્રસ સર્વ ભૂતસમૂહમાં સમભાવ છે,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૬.

સંયમ, નિયમ ને તપ વિષે આત્મા સમીપ છે જેહને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૭.

નહિ રાગ અથવા દ્વેષરૂપ વિકાર જન્મે જેહને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૮.

જે નિત્ય વર્જે આર્ત તેમ જ રૌદ્ર બન્ને ધ્યાનને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૨૯.

જે નિત્ય વર્જે પુણ્ય તેમ જ પાપ બન્ને ભાવને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૦.

જે નિત્ય વર્જે હાસ્યને, રતિ અરતિ તેમ જ શોકને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૧.

જે નિત્ય વર્જે ભય જુગુપ્સા, વર્જતો સૌ વેદને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૨.

જે નિત્ય ધ્યાવે ધર્મ તેમ જ શુકલ ઉત્તમ ધ્યાનને,
સ્થાયી સમાયિક તેહને ભાખ્યું શ્રી કેવળીશાસને. ૧૩૩.

ૐ

સહજ ચિદાનંદ.

# - ૧૦ -
# પરમ-ભક્તિ અધિકાર

શ્રાવક શ્રમણ સમ્યક્ત્વ-જ્ઞાન-ચરિત્રની ભક્તિ કરે,
નિર્વાણની છે ભક્તિ તેને એમ જિનદેવો કહે. ૧૩૪.

વળી મોક્ષગત પુરુષો તણો ગુણભેદ જાણી તેમની
જે પરમ ભક્તિ કરે, કહી શિવભક્તિ ત્યાં વ્યવહારથી. ૧૩૫.

શિવપંથ સ્થાપી આત્મને નિર્વાણની ભક્તિ કરે,
તે કારણે અસહાયગુણ નિજ આત્મને આત્મા વરે. ૧૩૬.

રાગાદિના પરિહારમાં જે સાધુ જોડે આત્મને,
છે યોગભક્તિ તેહને; કઈ રીત સંભવ અન્યને? ૧૩૭.

સઘળા વિકલ્પ અભાવમાં જે સાધુ જોડે આત્મને,
છે યોગભક્તિ તેહને; કઈ રીત સંભવ અન્યને? ૧૩૮.

વિપરીત આગ્રહ છોડીને, જૈનાભિહિત તત્ત્વો વિષે
જે જીવ જોડે આત્મને, નિજ ભાવ તેનો યોગ છે. ૧૩૯.

વૃષભાદિ જિનવર એ રીતે કરી શ્રેષ્ઠ ભક્તિ યોગની,
શિવસૌખ્ય પામ્યા; તેથી કર તું ભક્તિ ઉત્તમ યોગની. ૧૪૦.

# - ૧૧ -
# નિશ્ચય-પરમાવશ્યક અધિકાર

નથી અન્યવશ જે જીવ, આવશ્યક કરમ છે તેહને;
આ કર્મનાશનયોગને નિર્વાણમાર્ગ કહેલ છે. ૧૪૧.

વશ જે નહીં તે 'અવશ', 'આવશ્યક' અવશનું કર્મ છે;
તે યુક્તિ અગર ઉપાય છે, અશરીર તેથી થાય છે. ૧૪૨.

વર્તે અશુભ પરિણામમાં, તે શ્રમણ છે વશ અન્યને;
તે કારણે આવશ્યકાત્મક કર્મ છે નહિ તેહને. ૧૪૩.

સંયત રહી શુભમાં ચરે, તે શ્રમણ છે વશ અન્યને;
તે કારણે આવશ્યકાત્મક કર્મ છે નહિ તેહને. ૧૪૪.

જે ચિત્ત જોડે દ્રવ્ય-ગુણ-પર્યાયની ચિંતા વિષે,
તેનેય મોહવિહીન શ્રમણો અન્યવશ ભાખે અરે! ૧૪૫.

પરભાવ છોડી, આત્મને ધ્યાવે વિશુદ્ધસ્વભાવને,
છે આત્મવશ તે સાધુ, આવશ્યક કરમ છે તેહને. ૧૪૬.

આવશ્યકાર્થે તું નિજાત્મસ્વભાવમાં સ્થિરતા કરે;
તેનાથી સામાયિક તણો ગુણ પૂર્ણ થાયે જીવને. ૧૪૭.

આવશ્યકે વિરહિત શ્રમણ ચારિત્રથી પ્રભ્રષ્ટ છે;
તેથી યથોક્ત પ્રકાર આવશ્યક કરમ કર્તવ્ય છે. ૧૪૮.

આવશ્યકે સંયુક્ત યોગી અંતરાત્મા જાણવો;
આવશ્યકે વિરહિત શ્રમણ બહિરંગ આત્મા જાણવો. ૧૪૯.

જે બાહ્ય-અંતર જલ્પમાં વર્તે, અરે! બહિરાત્મ છે;
જલ્પો વિષે વર્તે નહીં, તે અંતરાત્મા જીવ છે. ૧૫૦.

વળી ધર્મશુક્લધ્યાનપરિણત અંતરાત્મા જાણજે;
ને ધ્યાનવિરહિત શ્રમણને બહિરંગ આત્મા જાણજે. ૧૫૧.

પ્રતિક્રમણ આદિ ક્રિયા—ચરણ નિશ્ચય તણું—કરતો રહે,
તેથી શ્રમણ તે વીતરાગ ચરિત્રમાં આરૂઢ છે. ૧૫૨.

રે! વચનમય પ્રતિક્રમણ, નિયમો, વચનમય પચખાણ જે,
જે વચનમય આલોચના, સઘળુંય તે સ્વાધ્યાય છે. ૧૫૩.

કરી જો શકે, પ્રતિક્રમણ આદિ ધ્યાનમય કરજે અહો!
કર્તવ્ય છે શ્રદ્ધા જ, શક્તિવિહીન જો તું હોય તો. ૧૫૪.

પ્રતિક્રમણ-આદિ સ્પષ્ટ પરખી જિન-પરમસૂત્રો વિષે,
મુનિએ નિરંતર મૌનવ્રત સહ સાધવું નિજ કાર્યને. ૧૫૫.

છે જીવ વિધવિધ, કર્મ વિધવિધ, લબ્ધિ છે વિધવિધ અરે!
તે કારણે નિજપરસમય સહ વાદ પરિહર્તવ્ય છે. ૧૫૬.

નિધિ પામીને જન કોઈ નિજ વતને રહી ફળ ભોગવે,
ત્યમ જ્ઞાની પરજનસંગ છોડી જ્ઞાનનિધિને ભોગવે. ૧૫૭.

સર્વે પુરાણ જનો અહો એ રીત આવશ્યક કરી,
અપ્રમત્ત આદિ સ્થાનને પામી થયા પ્રભુ કેવળી. ૧૫૮.

# - ૧૨ -
# શુદ્ધોપયોગ અધિકાર

જાણે અને દેખે બધું પ્રભુ કેવળી વ્યવહારથી;
જાણે અને દેખે સ્વને પ્રભુ કેવળી નિશ્ચય થકી. ૧૫૯.

જે રીત તાપ-પ્રકાશ વર્તે યુગપદે આદિત્યને,
તે રીત દર્શન-જ્ઞાન યુગપદ હોય કેવળજ્ઞાનીને. ૧૬૦.

દર્શન પ્રકાશક આત્મનું, પરનું પ્રકાશક જ્ઞાન છે,
નિજપરપ્રકાશક જીવ,—એ તુજ માન્યતા અયથાર્થ છે. ૧૬૧.

પરને જ જાણે જ્ઞાન તો દૃગ જ્ઞાનથી ભિન્ન જ ઠરે,
દર્શન નથી પરદ્રવ્યગત—એ માન્યતા તુજ હોઈને. ૧૬૨.

પરને જ જાણે જીવ તો દૃગ જીવથી ભિન્ન જ ઠરે,
દર્શન નથી પરદ્રવ્યગત—એ માન્યતા તુજ હોઈને. ૧૬૩.

વ્યવહારથી છે પરપ્રકાશક જ્ઞાન, તેથી દૃષ્ટિ છે;
વ્યવહારથી છે પરપ્રકાશક જીવ, તેથી દૃષ્ટિ છે. ૧૬૪.

નિશ્ચયનયે છે નિજપ્રકાશક જ્ઞાન, તેથી દૃષ્ટિ છે;
નિશ્ચયનયે છે નિજપ્રકાશક જીવ, તેથી દૃષ્ટિ છે. ૧૬૫.

પ્રભુ કેવળી દેખે નિજાત્માને, ન લોકાલોકને,
—જો કોઈ ભાખે એમ તો તેમાં કહો શો દોષ છે? ૧૬૬.

મૂર્તિક-અમૂર્તિક ચેતનાચેતન સ્વપર સૌ દ્રવ્યને
જે દેખતો તેને અતીંદ્રિય જ્ઞાન છે, પ્રત્યક્ષ છે. ૧૬૭.

વિધવિધ ગુણો ને પર્યયો સંયુક્ત દ્રવ્ય સમસ્તને
દેખે ન જે સમ્યક્ પ્રકાર, પરોક્ષ દૃષ્ટિ તેહને. ૧૬૮.

પ્રભુ કેવળી જાણે ત્રિલોક-અલોકને, નહિ આત્મને,
—જો કોઈ ભાખે એમ તો તેમાં કહો શો દોષ છે? ૧૬૯.

છે જ્ઞાન જીવસ્વરૂપ, તેથી જીવ જાણે જીવને;
જીવને ન જાણે જ્ઞાન તો એ જીવથી જુદું ઠરે! ૧૭૦.

રે! જીવ છે તે જ્ઞાન છે, ને જ્ઞાન છે તે જીવ છે;
તે કારણે નિજપરપ્રકાશક જ્ઞાન તેમ જ દૃષ્ટિ છે. ૧૭૧.

જાણે અને દેખે છતાં ઇચ્છા ન કેવળીજિનને;
ને તેથી 'કેવળજ્ઞાની' તેમ 'અબંધ' ભાખ્યા તેમને. ૧૭૨.

પરિણામપૂર્વક વચન જીવને બંધકારણ થાય છે;
પરિણામ વિરહિત વચન તેથી બંધ થાય ન જ્ઞાનીને. ૧૭૩.

અભિલાષપૂર્વક વચન જીવને બંધકારણ થાય છે;
અભિલાષ વિરહિત વચન તેથી બંધ થાય ન જ્ઞાનીને. ૧૭૪.

અભિલાષપૂર્વ વિહાર, આસન, સ્થાન નહિ જિનદેવને,
તેથી નથી ત્યાં બંધ; બંધન મોહવશ સાક્ષાર્થને. ૧૭૫.

આયુક્ષયે ત્યાં શેષ સર્વે કર્મનો ક્ષય થાય છે;
પછી સમયમાત્રે શીઘ્ર તે લોકાગ્ર પહોંચી જાય છે. ૧૭૬.

કર્માષ્ટવર્જિત, પરમ, જન્મજરામરણહીન, શુદ્ધ છે,
જ્ઞાનાદિ ચાર સ્વભાવ છે, અક્ષય, અનાશ, અછેદ્ય છે. ૧૭૭.

અનુપમ, અતીંદ્રિય, પુણ્યપાપવિમુક્ત, અવ્યાબાધ છે,
પુનરાગમન વિરહિત, નિરાલંબન, સુનિશ્ચળ, નિત્ય છે. ૧૭૮.

જ્યાં દુઃખ નહિ, સુખ જ્યાં નહીં, પીડા નહીં, બાધા નહીં,
જ્યાં મરણ નહિ, જ્યાં જન્મ છે નહિ, ત્યાં જ મુક્તિ જાણવી. ૧૭૯.

નહિ ઇન્દ્રિયો, ઉપસર્ગ નહિ, નહિ મોહ, વિસ્મય જ્યાં નહીં,
નિદ્રા નહીં, ન ક્ષુધા, તૃષા નહિ, ત્યાં જ મુક્તિ જાણવી. ૧૮૦.

જ્યાં કર્મ નહિ, નોકર્મ, ચિંતા, આર્તરૌદ્રોભય નહીં,
જ્યાં ધર્મશુક્લધ્યાન છે નહિ, ત્યાં જ મુક્તિ જાણવી. ૧૮૧.

દૃગ-જ્ઞાન કેવળ, સૌખ્ય કેવળ, વીર્ય કેવળ હોય છે,
અસ્તિત્વ, મૂર્તિવિહીનતા, સપ્રદેશમયતા હોય છે. ૧૮૨.

નિર્વાણ છે તે સિદ્ધ છે ને સિદ્ધ તે નિર્વાણ છે;
સૌ કર્મથી પ્રવિમુક્ત આત્મા લોક-અગ્રે જાય છે. ૧૮૩.

ધર્માસ્તિ જ્યાં લગી, ત્યાં લગી જીવ-પુદ્ગલોનું ગમન છે;
ધર્માસ્તિકાય-અભાવમાં આગળ ગમન નહિ થાય છે. ૧૮૪.

પ્રવચન-સુભક્તિ થકી કહ્યાં મેં નિયમ ને તત્ફળ અહો!
યદિ પૂર્વ-અપર વિરોધ હો, સમયજ્ઞ તેહ સુધારજો. ૧૮૫.

પણ કોઈ સુંદર માર્ગની નિંદા કરે ઈર્ષા વડે,
તેનાં સુણી વચનો કરો ન અભક્તિ જિનમારગ વિષે. ૧૮૬.

નિજભાવના અર્થે રચ્યું મેં નિયમસાર-સુશાસ્ત્રને,
સૌ દોષ પૂર્વાપર રહિત ઉપદેશ જિનનો જાણીને. ૧૮૭.


અનુભૂતિ તીર્થ મહાન, સ્વર્ણપુરી સોહે
યહ કહાનગુરુ વરદાન, મંગલ મુક્તિ મિલે.